એન્જેલીનો અને ઉઘાડપગાં સંત



વેલેન્ટી એન્જેલો

એન્જેલીનો પરિવારને એ બહુ કુદરતી લાગતું હતું કે એ સેન્ટ ફ્રાન્સિસની એ મૂર્તિ પ્રતિ એટલો સમર્પિત હતો, જે ટસ્કેનીના એના નાના ગામના ચર્ચના ઉદ્યાનમાં ઉભી હતી. એન્જેલીનો (જેનો અર્થ થાય છે "નાનો દેવદૂત") નો જન્મ સંત દિવસ પર થયો હતો, અને એ દરેક જીવિત વસ્તુ માટે સંત જેવોજ કોમળ સ્નેહ રાખતો હતો. દરેક ઉનાળામાં એન્જેલીનો ઈમાનદારીથી જંગલી ફૂલ ભેગા કરતો અને એને મૂર્તિના લાકડાના પગ પાસે રાખતો અને થોડી વાર રોકાઈને વાતો કરતો રહેતો હતો, જાણે કે સંત જીવતા હોય.

પણ જયારે એ છોકરો દસ વર્ષનો હતો, અને શિયાળો લિટલ આલ્પ્સમાં બરફ અને કડકડતી ઠંડી લઈ આવ્યો, તો એને સંતની ચિંતા થવા લાગી. એને લાગ્યું કે સંતનો કોમળ ચહેરો એની ખુશી ખોઈ ચુક્યો છે અને શાંત અને ઉદાસ લાગી રહ્યો છે. એન્જેલીનો ત્યાં સુધી આરામ કરી ન શક્યો જ્યાં સુધી એણે સંતના સંકટનું કારણ જાણ્યું નહીં અને એનો કોઈ ઉપાય શોધ્યો નહીં.

એ કારણની શોધ પાઠકને આખા ગામના ઘરોમાં અને નાની દુકાનોમાં લઈ જાય છે, એન્જેલીનો અને એના મિત્રો સાથે દોસ્તી કરાવે છે. અને જયારે, નાતાલ પર, એન્જેલીનોનો ઉપાય એક સુંદર નાના "ચમત્કાર" નું કારણ બને છે, તો જે કોઈ પણ એના વિષે વાંચે છે, એને એ દયાળુ લોકો સાથે સુપરિચિતતા લાગે છે, જેને માટે એ બહુ મહત્વપૂર્ણ હતું.




એન્જેલીનો અને ઉઘાડપગાં સંત

વેલેન્ટી એન્જેલો



એન્જેલીનો અને ઉઘાડપગાં સંત







ટસ્કેનીમાં લિટ્ટલ આલ્પ્સની તળેટી પાસે એક ઘાટીમાં એક છોકરો રહેતો હતો જેનું નામ એન્જેલીનો હતું. એ એક શાંત, સારા સ્વભાવનો, મિલનસાર, પ્રાણીઓ સાથે કોમળ અને બહુ સરળ હૃદયનો હતો. એના બધા દસ વર્ષો છતાં, એ નાનો અને પાતળો હતો. જે લોકો એને જાણતા હતા એ એને એન્જેલીનો કહેતા હતા. એના માતા-પિતા પાસે એક નાનું ખેતર હતું, જેમાં એ દર વર્ષે વાવણી અને લણણી કરતા હતા. એ મુશ્કેલીથી એનો જીવનનિર્વાહ કરતા હતા. પણ એની ગરીબી છતાં એ ખુશ હતા.


ઉનાળાના અંતમાં એક બપોરે એન્જેલીનો એનું રોજીંદુ કામ પૂરું કરી રહ્યો હતો. જયારે એ તબેલામાં બળદને જવ ખવડાવી રહ્યો હતો, તો એણે જોયું કે બળદના ખભા ઉપર ઉઝરડો પડેલો હતો. એણે ધીરે-ધીરે ઘા પર લેપ લગાવ્યો અને પૂછ્યું, "શું હવે સારું લાગે છે?" બળદે જવાબમાં માથું ઝુકાવ્યું અને એ હસીને આગળ વધ્યો. "જો આજે હું જલ્દીમાં છું તો મને માફ કરી દેજે. મારે આજે એક ખાસ કામ કરવાનું છે."

કોઠારના દરવાજા પરથી એ સૂરજને ક્ષિતિજ પાસે જોઈ શકતો હતો. "થોડી વારમાં અંધારું થઈ જશે," એણે બળદને કહ્યું, અને એના પાળેલા ઘુવડને માંસના થોડા ટૂકડા આપવા માટે ચાલ્યો ગયો, જેને એ કોઠારની બહાર એક પાંજરામાં રાખતો હતો, કારણકે એનો પગ ઘાયલ થઈ ગયો હતો. એણે થોડા સમયમાં મરઘીઓ, સસલા અને બકરીઓને ખાવાનું આપ્યું અને પછી એનું કામ પૂરું થઈ ગયું. હવે એ હકીકતમાં એ કામ વિષે વિચારી શકતો હતો જે એના મગજમાં આખો દિવસ હતું.

સપ્તાહમાં એક વાર, જ્યારથી એને યાદ છે, એ સંત ફ્રાન્સિસ પાસે ફૂલ લઈને જતો હતો, અને આજે ફરી જવાનો દિવસ હતો. એ પાસેના ખેતરમાં ગયો જ્યાં વાદળી લ્યુપિન, ડેઈસી અને જંગલી ગુલાબ પ્રચુર માત્રામાં ઉગતા હતા. જેવો એણે એક મોટો ગુલદસ્તો ભેગો કર્યો, એણે વિચાર્યું, "પાછલા શનિવારે મેં એને માટે જે ફૂલ છોડયા હતા, એ બધા હવે કરમાઈ ગયા હશે. આ નવા ફૂલને જોઈને એ ખુશ થશે."

ચર્ચના બગીચામાં એન્જેલીનોના મનપસંદ, સંત ફ્રાન્સિસ હતા. એનો જન્મદિવસ સંતના જન્મદિવસે જ હતો અને એને આ એક બહુ મોટું સન્માન લાગતું હતું.

એ જલ્દીથી રસોડામાં ગયો, જ્યાં એની માઁ સાંજનું ભોજન બનાવી રહી હતી. એણે એક કાંચના જારમાં ફૂલોને વ્યવસ્થિત કરવામાં એની મદદ કરી. "રાતના ભોજન માટે મોડું નહીં કરતો," એણે કહ્યું, અને સ્મિત કરીને એને ગામ તરફ જતી સડક પર દોડતો જોવા લાગી.



એના પિતાએ કુવા પાસેથી હાથ હલાવ્યો. "આરામથી જજે," એણે પોકારીને કહ્યું. એન્જેલીનોનો ભાઈ ટીનો અને એની બહેન એના એને ઉઘાડા પગે જતો જોઈને હસી પડયા. એન દાદા એક જાડા, ફેલાયેલા ઓકના ઝાડ નીચે બેઠા હતા. એન્જેલીનોને તેજીથી આગળ વધતા જોઈને એણે એનું માથું હલાવ્યું અને સ્મિત કર્યું. "આ છોકરો અને એના સંત!" એણે કહ્યું.

પથ્થરના પૂલ ઉપર થઈને, અંજીરના બગીચા, મકાઈના ખેતર અને જેતૂનના બગીચાની બાજુમાંથી નીકળીને એન્જેલીનો ચાલતો ગયો. આગળનું ગામ, એની સંકીર્ણ વણાંક લેતી સડકો, ચોક, આંગણા અને લાલ ટાઇલોવાળી છત ઢળતા સૂરજની સોનેરી રોશનીમાં નહાઈ રહ્યા હતા. જયારે એ દુકાનો અને લોકોની ભીડવાળી સડકો પરથી ઝડપથી નીકળી રહ્યો હતો, ત્યારે ચર્ચનો ઘંટ વાગવા લાગ્યો. એ બેકરી, ગેરેજ, કેબિનેટ બનાવવાવાળાની દુકાન અને બૂટ બનાવવાવાળાની દુકાન પાસેથી પસાર થયો. એવું લાગી રહ્યું હતું કે બધા એને જાણતા હતા. "હેલો, એન્જેલીનો." "કેમ છે, એન્જેલીનો?" ગામના થોડા છોકરા અને છોકરીઓ ખીલખીલાટ હાસ્ય કરી રહ્યા હતા. એ એને "નાનો સંત" અથવા "ટૂંકા પગ" કહેતા હતા. પણ એન્જેલીનોને એનાથી કોઈ આપત્તિ ન હતી. એ સ્મિત કરતો એને રસ્તો ચાલતો જતો હતો.



અંતે એ ચર્ચની બાજુના બગીચામાં આવ્યો અને પથ્થરની કમાનવાળા દરવાજામાંથી અંદર ગયો. એની ઉપર ઘંટનો ઊંચો મિનાર સૂરજની ઢળતી રોશનીમાં ચમકીલો લાલ લાગી રહ્યો હતો.

ફૂલોનો ગુલદસ્તો લઈ જતા, એન્જેલીનો ઝાડીઓ અને નાના સદાબહાર છોડની વચ્ચે બનેલા રસ્તા પર ચાલી રહ્યો હતો. દિવસના આ સમયે બગીચામાં એક રહસ્યમય ચમક છવાયેલી હતી. પક્ષીઓ અને થોડા સસલાંને છોડીને બગીચામાં કોઈ હતું નહીં. તમરાંનો અવાજ પક્ષીઓના મધુર ગાયન સાથે ભળી રહ્યો હતો. ગામની સડકો પરથી ક્યારેક આવતા અવાજોથી ચર્ચના બગીચાની શાંતિ ભંગ થઈ રહી હતી.

એન્જેલીનો સંતની નકશીદાર લાકડાની મૂર્તિ સામે ઉભો હતો. એ જીવન-કદ કરતા નાની હતી, અને સંત એક પથ્થર પર બેઠા હતા. એના પગ ઉઘાડા હતા, અને એના માથાને ઢાંકવાવાળું સાધારણ વસ્ત્ર, રંગમાં ચમકીલું હોવા છતાં, ચીંથરેહાલ અને ઘસાઈ ગયેલું લાગતું હતું.

સાંજની રોશનીમાં એન્જેલીનો, એ દીનતા અને દયાથી ભરેલો અને હસતો ચહેરો જોઈ શકતો હતો. એ હંમેશાની જેમ આ પ્રતિમાથી મોહિત થઈ ચુક્યો હતો. આશ્રયની એક બાજુ, જ્યાં મૂર્તિ બેઠી હતી, પથ્થરની દીવાલમાં આરસનો મોટો સ્લેબ લગાવેલો હતો. એના પર સંત ફ્રાન્સિસનું "સૂર્યનું પ્રાર્થનાગીત" લખેલું હતું.

એણે ફૂલોને એ ભાગ પર રાખ્યા જ્યાં સંતના પગ આરામ કરી રહ્યા હતા. એ જ સમયે એક બ્લુ જે પક્ષી ઉપરની નાની છત પર ઉતર્યું અને એને જોવા લાગ્યું. એન્જેલીનોએ ઉપર જોયું. "તું એક પાળેલું પક્ષી છે, હું જાણું છું કે તું સંતનું મિત્ર છે અને એ જોવા આવ્યું છે કે હું શું કરું છું. ડર નહીં, તારી જેમજ મને સંત બહુ પ્રિય છે."

બ્લુ જે એ મોટેથી કર્કશ અવાજ કર્યો, પાંખો ફફડાવીને બગીચાના એક દૂરના ખૂણામાં ઉડી ગયું. એન્જેલીનો હસી પડયો. એણે ફૂલોને ઉઘાડપગાં સંતની વધારે નજીક રાખ્યા, અને જેવું એણે એવું કર્યું, એને એક અદભુત વસ્તુ દેખાઈ. એને પૂરો વિશ્વાસ હતો કે એ પગ હલ્યા હતા! શ્વાસ લીધા વગર એ એને જોઈ રહ્યો હતો. થોડી ક્ષણો પછી એણે એની દ્રષ્ટિને સાફ કરવા માટે એની આંખોને ઝપકાવીને બગીચામાં દૂર જોયું. પછી એણે ફરી જોયું. "કદાચ મેં એની કલ્પના કરી હતી, પણ મને લગભગ ખાતરી છે કે મેં એને હલતા જોયા હતા!"

એણે સંત તરફ જોયું અને ગંભીરતાથી પૂછ્યું," શું તમે તમારા પગ હલાવ્યા છે કે નહીં?" પણ એનો જવાબ ફક્ત નકશીદાર આકૃતિનું સ્મિત હતો - એક એવું સ્મિત જે એન્જેલીનોને અંધારી સાંજ છતાં અત્યાર સુધીનું સૌથી ચમકતું સ્મિત લાગી રહ્યું હતું જે એણે સંતના ચહેરા પર જોયું હતું. અને એ ખુશીથી ભરાઈ ગયો. બગીચામાં રાત ઝડપથી થઈ રહી હતી. ચર્ચની ઉપર, ઊંડા વાદળી આકાશમાં એ ધ્રુવ તારાને ચમકતો જોઈ શકતો હતો. "મારે હવે રસ્તો પકડવો જોઈએ. મોડું થઈ રહ્યું છે. મને સાચે ભૂખ પણ લાગી છે," એણે વિચાર્યું. પણ એ સંત ફ્રાન્સિસની પ્રાર્થના કરવા માટે થોડી મિનિટ વધારે રોકાયો. એણે ઘૂંટણ ટેકવી દીધા.

"હે ભગવાન, મને તમારી શાંતિનું સાધન બનાવો.

જ્યાં ધૃણા છે, ત્યાં મને પ્રેમ વાવવા દો.

જ્યાં વાગ્યું છે, ત્યાં ક્ષમા હોય.

જ્યાં સંદેહ છે, ત્યાં વિશ્વાસ હોય.

જ્યાં નિરાશા છે, ત્યાં આશા હોય.

અને જ્યાં ઉદાસી છે, ત્યાં આનંદ હોય."

એક ઘુવડ ઘણું નીચે ઉડતા-ઉડતા દરવાજા સુધી એનો પીછો કરતું રહ્યું, પછી ગામની છતો પર ગાયબ થઈ ગયું. જયારે એન્જેલીનો ઘરે પહોંચ્યો, ત્યાં સુધીમાં રાત બહુ થઈ ચુકી હતી અને હવામાં ઠંડક હતી. એ ચૂલાની ગરમી અને ભોજનની મીઠી સોડમથી ખુશ હતો.

રાતના ભોજન દરમ્યાન એણે કહ્યું, "હું ઘર સુધી દોડીને આવ્યો."

એની બહેને પૂછ્યું, "તેં આટલો સમય કેમ લીધો? અમે તારી રાહ જોતા રહ્યા."

એના ભાઈ ટીનોએ હસતા-હસતા કહ્યું, "એના, એન્જેલીનોને દોષ ન દે. એના પગ બહુ નાના છે નહીં તો એ જલ્દી અહીં પહોંચી જાત. શું આ કારણ પૂરતું નથી?"

દાદાએ સ્મિત કરતા કહ્યું, "અને આજે તને સંત કેવા લાગ્યા, એન્જેલીનો?"

"મને ખુશી છે કે મેં એને નવા ફૂલ આપ્યા, દાદાજી."


એના ભાઈએ પૂછ્યું, "શું એણે તારે માટે કોઈ ચમત્કાર કર્યો?"

"ખબર નહીં," એન્જેલીનોએ શરુ કર્યું, "પણ - " અને પછી એ અચકાયો.

એની બહેને પૂછ્યું, "શું થયું? મને લાગે છે કે સંત ફ્રાન્સિસે તારું માથું થપથપાવ્યું અને ફૂલો માટે આભાર માન્યો?"

"નહીં," એન્જેલીનોએ જવાબ આપ્યો, "પણ એણે સ્મિત કર્યું."





એ વર્ષે ઓક્ટોબરના અંત સુધીમાં મેદાન એટલું ઠંડુ થઈ ગયું હતું કે એન્જેલીનો હવે ઉઘાડા પગે જઈ શકતો ન હતો. એના એકમાત્ર બૂટની જોડી થોડી તંગ હતી અને એને મરામત કરાવવાની જરૂર હતી. ચાલતા-ચાલતા એના તળિયા ફફડાટ કરતા રહ્યા, પણ એણે એને ખુશીથી પહેર્યા અને ફરિયાદ ન કરી. એને ભરોસો હતો કે કોઈ દિવસે એના પિતા એને એક નવી જોડી ખરીદીને આપશે.

એક સમયે હર્યા-ભર્યા ખેતર હવે ભૂરા થઈ ગયા હતા, અને થોડા સમયમાં, કદાચ જ કોઈ જંગલી ફૂલ મળી શકે. એટલે એન્જેલીનોએ ઝાડના ચમકીલા પાંદડાનો ગુલદસ્તો તૈયાર કર્યો - પીળા અને લાલ પાંદડાથી, સંતની સામે રાખવા માટે.

આ દારૂ બનાવવાનો સમય હતો. એન્જેલીનોના પિતાનું દારૂ કાઢવાનું યંત્ર એક વધારાની આવકનું સ્ત્રોત હતું. એ બેલગાડીમાં યંત્ર સાથે બગીચામાં ચક્કર લગાવવામાં વ્યસ્ત હતા. લણણી કર્યાની તરત પછી હિમ ધીરે-ધીરે જામવા લાગ્યું હતું.

હવાઓ પણ બદલાએ ગઈ હતી, અને બરફથી ઢંકાયેલા નાના આલ્પ્સ પરથી બર્ફીલો પવન ફૂંકાઈ રહ્યો હતો. એન્જેલીનો એની માઁ એ ગૂંથેલા કાચબાની ડોક જેવા ગરદનવાળા ઉની સ્વેટરની અંદરથી, એ ઠંડીને અનુભવી રહ્યો હતો.

એક દિવસ બપોરે સ્કૂલ પછી એન્જેલીનો ચર્ચના બગીચામાં ગયો. સૂરજ ચમકી રહ્યો હતો, અને ચીમનીમાંથી ધૂંધળો ધુમાડો આકાશમાં ફેલાઈ રહ્યો હતો. હવાની સુખદ ગંધે એન્જેલીનોને યાદ અપાવ્યું કે એ શાહબલૂત (ચેસ્ટનટ) ભેગા કરવાનો સમય હતો.

એ બગીચામાં ફરતો રહ્યો અને એ જોઈને નિરાશ થઈ ગયો કે ગરમીની સુંદરતા સાવ ગાયબ થઈ ગઈ હતી. મોટા ભાગના પક્ષીઓ પણ ચાલ્યા ગયા હતા. "એ દક્ષિણ તરફ ઉડી ગયા છે, જ્યાં ગરમી છે," એણે વિચાર્યું. "પણ એ પાછા આવી જશે." એ એક ઝાડથી બીજા ઝાડ પર ઉડી રહ્યા બે કાગડા ઉપર હસતો મનમાં બોલ્યો.

ત્યાં અચાનક એણે એને બગીચાના ફુવારાની પાછળ જમીન પર પહેલાથી ઘણું વધારે નીચે ઝૂકતાં જોયા. એ જોર-જોરથી કા... કા... કરી રહ્યા હતા. એન્જેલીનો એ જોવા માટે દોડયો કે શું થઈ ગયું છે. કાગડાએ એની તરફ કોઈ ધ્યાન ન આપ્યું. એક પળમાં એ ત્યાં પહોંચી ગયો. એને જોઈને કાગડા ઉડી ગયા. એન્જેલીનોએ જમીન પર એક ચકલી જોઈ. એણે એને ઉઠાવી અને કોમળતાથી પકડી. એની એક પાંખ પર ઇજા થઈ હતી. એન્જેલીનોએ એના હ્રદયના ધબકારા અનુભવ્યા અને એ જોઈને ખુશ થયો કે એ જીવતી હતી. પક્ષીને હાથમાં લઈને એણે એની ઉપર ગરમ શ્વાસ ફેંક્યો. એણે એની આંખો ખોલી અને નીરસતાથી એની તરફ જોયું.

એણે થોડો સંઘર્ષ કર્યો, પછી ચુપચાપ સૂઈ ગઈ. "ચિંતા નહીં કર," એન્જેલીનોએ કહ્યું. "આ ફક્ત એક તૂટેલી પાંખ છે. હું એને સરખી કરી શકું છું." નાનું પક્ષી જાણે સમજી ગયું. એન્જેલીનોએ ધીરેથી એને એના ખીસામાં મૂકી દીધું.



કાગડા એની ઉપર એક શાખા પર આવીને બેઠા. "શરમ આવવી જોઈએ!" એન્જેલીનોએ બૂમ પાડી, "શરમ કરો, શરમ કરો, કાળા શેતાનો, એક અસહાય નાના પક્ષીને મારવા માટે. એ બરાબર નથી!" પછી એણે ગુસ્સો કરવા બદલ મૂર્ખામી અનુભવી. એણે એના ખિસ્સામાં રાખેલી ચકલીને જોઈ , અને એ જોઈને રાહત અનુભવી કે એની આંખોમાં થોડી ચમક હતી. પણ આ ઘટનાએ એને દુઃખી કરી દીધો. એ વિચારવા લાગ્યો, "આટલા નાના પક્ષી પર બે મોટા પક્ષીએ તરાપ કેમ મારી?" એને કંઈ પણ સમજાયું નહીં.

એ બગીચાની બીજી બાજુ જતો રહ્યું જ્યાં સંત ફ્રાન્સિસ બેઠા હતા. એની પાછલી મુલાકાતમાં એણે જે ઓક અને શાહબલૂત ના પાંદડા રાખ્યા હતા, એ બધા સૂકાઈ ગયા હતા અને આકૃતિના આધારની ચારે બાજુ હવાથી વિખેરાઈ ગયા હતા. એનાથી એ વધારે નિરાશ થઈ ગયો, કારણકે હવે એની પાસે બીજું કંઈ હતું નહીં, અને એ કંઈ લાવી શકે એમ ન હતો.

એણે સંત તરફ જોયું અને કહ્યું, "તમારે હવે વસંતમાં ફૂલ ખીલવા સુધી રાહ જોવી પડશે." પણ અચાનક એના ગળામાં શબ્દો અટકી ગયા. એણે ઉપર ચહેરાને જોયો અને અચકાઈને બોલ્યો, "શું.. કેમ.. મારો અર્થ તમને ખરાબ લગાડવાનો ન હતો." એ વધારે નજીકથી જોવા માટે પંજા ઉપર ઉભો હતો, તો પણ એને એની આંખો પર ભરોસો થતો ન હતો. એ અચાનક આશંકાથી ઘેરાઈ ગયો. "આ બહુ અજબ છે," એણે વિચાર્યું. "સંત બહુ દુઃખી લાગી રહ્યા છે." એ લાંબા સમય સુધી જોતો રહ્યો, દરેક પળે સંતના મોઢા ઉપર એક સ્મિત જોવાની આશા કરતો રહ્યો. પણ અચાનક સૂરજ બગીચાની દીવાલની પાછળથી ગાયબ થઈ ગયો, જેનાથી મૂર્તિની આસપાસ અંધારું થઈ ગયું, અને સંત પહેલાથી ઘણા વધારે ઉદાસ લાગવા લાગ્યા.

એન્જેલીનો એટલો હેરાન હતો કે એણે જોરથી કહ્યું, "સ્મિત કરો! કૃપા કરીને ફરી સ્મિત કરો!" પછી એ રડવા લાગ્યો. એણે ખિસ્સામાં હાથ નાખ્યો અને એની ઠંડી આંગળીઓથી ચકલીના નાના ગરમ શરીરને સહેલાવ્યું. એનાથી એને પણ સારું લાગ્યું. એના આંસુ અચાનક એવી જ રીતે ખલાસ થઈ ગયા જેવી રીતે એ શરુ થયા હતા. "કદાચ કાલે એ ફરીથી સ્મિત કરશે," એણે કહ્યું.

બગીચાની બહાર નીકળતી વખતે એન્જેલીનો શ્રીમાન ગેલોને મળ્યો, જે બૂટ બનાવતા હતા.

એને તરત ખબર પડી ગઈ કે છોકરા સાથે કંઈક ગરબડ થઈ છે. "ઓહ, કદાચ તને બહુ શરદી થઈ લાગે છે," એણે કહ્યું. "તારું ધ્યાન રાખજે, એન્જેલીનો." એન્જેલીનોએ નાકથી સૈડકો લીધો અને એની લાલ આંખો લૂછી. "આ શરદી નથી, શ્રીમાન ગેલો." પછી એણે બુઢ્ઢા માણસને ચકલી વિષે જણાવ્યું.

"તું કહે છે કે એની પાંખ તૂટી ગઈ છે? કમનસીબ નાની ચકલી," એણે કહ્યું.

એન્જેલીનોએ કહ્યું, "પણ હું એને ફરી સારી કરી શકીશ. મેં મારા પાળેલા ઘુવડના તૂટેલા પગને સારો કર્યો છે અને હું શ્રીમાન રફીનોના કૂતરાની પણ દેખભાળ કરી રહ્યો છું."

"તો ઠીક છે," બુઢ્ઢા માણસે કહ્યું. એણે છોકરાના તૂટેલા બૂટ અને લઘર-વઘર કપડાંને કોમળ, ગંભીર આંખોથી જોયા, પણ એટલું જ કહ્યું, "ઠીક છે, હું જઈ રહ્યો છું. થોડા સમયમાં મારી દુકાને આવજે, એન્જેલીનો. અને એ નાના પક્ષીને એક સારી ગરમ જગ્યાએ રાખજે."

"ઓહ, હું એવું કરવાનું ભૂલીશ નહીં, શ્રીમાન ગેલો."

ઘર જતી વખતે એન્જેલીનોને સારું લાગવા લાગ્યું.





થોડા દિવસો પછી સ્કૂલથી ઘરે જતા એન્જેલીનો ગિનોને મળ્યો, જે એની જ ઉંમરનો એક છોકરો હતો અને એનો ખાસ મિત્ર હતો. ગિનો હંમેશા સારા કપડાં પહેરતો હતો અને સારું ખાવાનું ખાતો હતો, પણ એ હંમેશા અસંતુષ્ટ લાગતો હતો. જયારે એ એન્જેલીનો સાથે વાત કરી રહ્યો હતો ત્યારે એ એના પિતાની બેકરીના બિસ્કિટ ખાઈ રહ્યો હતો. એણે એન્જેલીનોને એક બિસ્કિટ આપ્યું અને બોલ્યો," ખા, એન્જેલીનો, થેલામાં ઘણા બિસ્કિટ છે. તું વધારે લઈ શકે છે."

એન્જેલીનોએ બીજું એક બિસ્કિટ લીધું. "ઠીક છે, જો તને કોઈ વાંધો ન હોય તો હું હજી એક લઉં છું. આ બહુ સ્વાદિષ્ટ છે."

"વાંધો? મને કોઈ વાંધો નથી. મને એ બધું મળી શકે છે જે હું ઈચ્છું છું," ગિનોએ કહ્યું. "તું બહુ શરમાળ છે. આટલો શરમાળ થવાની જરૂર નથી. તને જે મળે એ લઈ લેવું જોઈએ."

બંને છોકરા ચર્ચના પગથિયાં પર બેસીને બિસ્કિટ ખાવા લાગ્યા. એ એક ઠંડો દિવસ હતો, પણ સૂરજ ચમકીલો અને ગરમ હતો, એટલે કબૂતર ઘંટીવાળા મિનારથી નીચે આવી ગયા હતા ને ચક્કર મારી રહ્યા હતા. બેલગાડી, ગાડીઓ અને પગે ચાલતા લોકોનું ચોકમાં આવાગમન ચાલુ હતું. છોકરાઓએ લોકોની વ્યસ્તતા જોતા છેલ્લું બિસ્કિટ ખાધું અને નાના ટુકડા કબૂતરો તરફ ફેંક્યા.

"તને એક વાત કહું?" ગિનોએ અચાનક કહ્યું. "હું મારા પિતાથી નારાજ છું."

એન્જેલીનો, જે એના ચાહિતા સંત વિષે વિચારી રહ્યો હતો, એકદમ ચોંકી ગયો. એણે પૂછ્યું, "શું તું તારા પિતાજીથી ગુસ્સે છે?"

"હા, મારા પિતાજીથી. અને મારે એવું કરવું પણ જોઈએ."

"પણ કેમ?" એન્જેલીનોએ પૂછ્યું.



"કારણકે એ મારે માટે સ્કુટી ખરીદતા નથી, એટલા માટે." એન્જેલીનોએ આશ્ચર્યથી ગિનો તરફ જોયું. "તારે સ્કુટી શું કામ જોઈએ છે? તારી પાસે પહેલાથી એક સાઇકલ છે."

"ઓહ, એ જૂનો ભંગાર. એ તેજ નથી. એ સિવાય, હું સાઇકલ ચલાવીને ઉબી ગયો છું."

એન્જેલીનોએ એના ફાટી ગયેલા બૂટ તરફ જોયું અને હસ્યો. "ઓહ, મને લાગે છે કે તું મજાક કરી રહ્યો છે," એણે કહ્યું.

"કોણ મજાક કરી રહ્યું છે? મારો દરેક શબ્દ સાવ સાચો છે. અને જયારે પણ હું એના વિષે વિચારું છું તો મને બહુ ગુસ્સો આવે છે. હું બસ કોઈ પણ દિવસે ઘર છોડીને જતો રહીશ," ગિનોએ નારાજગી દર્શાવતા કહ્યું.

એન્જેલીનોએ ત્યારે પણ વિચાર્યું કે એનો મિત્ર મજાક કરી રહ્યો હતો અને એને સમજાયું નહીં કે એને શું કહેવું. આખરે એણે વિષય બદલ્યો. "શું તું મારી સાથે ચર્ચના બગીચામાં આવીશ? હું તને કંઈ બતાવવા ચાહું છું."

"તું મને શું બતાવવા ચાહે છે?" ગિનોનું મન હજી બધી દિશાઓમાં દોડતા સ્કુટી પર હતું.

એન્જેલીનોએ કહ્યું, "શું તેં હાલમાં સંતને જોયા છે?"

"ક્યા સંત? સંત પીટર, પૉલ, કે મેથ્યુ?"

"એમાના કોઈ નહીં, ગિનો. સંત ફ્રાન્સિસ. તું જાણે છે, જે બગીચામાં છે."

"નિશ્ચિત રૂપથી હું એને જાણું છું. એના વિષે શું?"

"ચાલ, હું તને દેખાડું." ગિનો બગીચામાં જવા ચાહતો ન હતો, પણ એ એન્જેલીનોની પાછળ ચાલ્યો ગયો. એનો ગુસ્સો થોડો ઓછો થઈ ગયો હતો, અને હવે એ એના પિતાની સાથે રહેવાની મુશ્કેલીઓ વિષે વાત કરી રહ્યો હતો. જયારે એ રસ્તા પર ચાલી રહ્યા હતા તો એન્જેલીનો ધ્યાનથી સાંભળી રહ્યો હતો અને દરેક પળે એ આશા કરતો હતો કે સંતનું સ્મિત એને ફરીવાર દેખાય.

પણ પહેલી નજરમાં એને લાગ્યું કે એવું કંઈ થયું ન હતું. છોકરાઓ સંતની મૂર્તિની સામે રોકાયા, અને ગિનોએ પૂછ્યું, "ઠીક છે, તું મને શું દેખાડવા ચાહે છે?"

"આમને જો, ગિનો. બસ એના ચહેરાને જો."

ગિનોએ ધ્યાનથી જોયું અને અંતે કહ્યું, "મને તો કંઈ અસામાન્ય દેખાતું નથી."

"પણ એ દુઃખી છે," એન્જેલીનોએ કહ્યું. "એ પહેલાની જેમ સ્મિત કરતા નથી."

"શું સંતોએ દુઃખી થવું ન જોઈએ?" ગિનોએ પૂછ્યું. "જે પણ સંત મેં જોયા છે એ બધા આવા જ લાગે છે."

"પણ સંત ફ્રાન્સિસ નહીં, ગિનો. એ એક ખુશ સંત છે. હું એને લાંબા સમયથી જાણું છું અને એ હંમેશા સ્મિત કરતા હોય છે.

એટલે એ થોડી વાર પહેલા સ્મિત કરી રહ્યા હતા. પછી અચાનક એમણે એનું સ્મિત ખોઈ દીધું. હું એને સમજી શકતો નથી."

"એ બહુ અજબ લાગી રહ્યું છે, એન્જેલીનો," ગિનોએ કહ્યું. "નકશીદાર લાકડાની મૂર્તિ આવી રીતે કેવી રીતે બદલી શકે?"

"એ જ વાત મને હેરાન કરી રહી છે - મને ખબર નથી. મને ખબર નથી."

"ચાલો જઇયે અને મારા પિતાજીને પૂછીએ," ગિનોએ કહ્યું. "એને આ બધી બાબતોમાં દિલચસ્પી છે."

એન્જેલીનો હેરાન હતો. "પણ મને લાગ્યું હતું કે તું એનાથી નારાજ છે."

ગિનોએ ગુસ્સાથી જોયું. "અલબત્ત હું નારાજ છું, પણ એટલો નહીં કે હું એને એક મહત્વપૂર્ણ સવાલ પૂછી ન શકું. ચાલ. કદાચ એ તને જણાવી શકે કે શું ખોટું છે." એ ગેટ તરફ જવા લાગ્યા અને ગિનોએ કહ્યું, "મને આ બગીચામાં આવીને ઘણા વર્ષો થઈ ગયા છે. એ ઉનાળામાં સારો લાગતો હશે."

"એ સુંદર છે," એન્જેલીનોએ કહ્યું, અને ચૂપ થઈ ગયો.



જયારે છોકરાઓ પહોંચ્યા તો ગિનોના પિતા બેકરીના ટેબલ પર લોટના એક મોટા પીંડાને ગૂંદી રહ્યા હતા. એણે એન્જેલીનોનું સ્વાગત કર્યું અને એના દીકરાને પેસ્ટ્રી ને ન અડવાની ચેતવણી આપી.

પણ એ સમયે ગિનોને ખાવામાં કોઈ રસ ન હતો.

"પિતાજી," એણે અચાનક કહ્યું, "એન્જેલીનો સંત ફ્રાન્સિસ વિષે ભ્રમિત છે."

બેકરીવાળો મૂંઝાઈ ગયો. "હું સમજ્યો નહીં, ગિનો. તું શેના વિષે વાત કરી રહ્યો છે?"


"ચર્ચના બગીચામાં સંત ફ્રાંસિસની મૂર્તિ વિષે. એન્જેલીનો કહે છે કે એ પહેલા સ્મિત કરતા હતા, પણ હવે એ દુઃખી છે," ગિનોએ એના સાથી તરફ જોયું. "આ સાચું છે, છે ને?"

"આ સાચું છે, શ્રીમાન બીયાંકો," એન્જેલીનોએ ઈમાનદારીથી કહ્યું. "તમે પોતે જઈને જોઈ શકો છો."

ગિનોએ કહ્યું, "શું તમે પહેલા આવી ઘટના વિષે સાંભળ્યું છે, પિતાજી?"

એને સમજાયું નહીં કે એ શું કહે, પણ અંતે એણે કહ્યું, "હું સંતોના મામલામાં વિશેષજ્ઞ હોવાનું નાટક નથી કરતો, એન્જેલીનો. મારે પોતે જઈને આ ચમત્કાર જોવો પડશે. હું હમણાં એટલો વ્યસ્ત છું કે મને પ્રાર્થના સભામાં જવા માટે પણ મુશ્કેલીથી સમય મળે છે. પણ હું થોડા સમયમાં બગીચામાં જઈશ." પછી થોડું વિચારીને એણે દયાથી કહ્યું, "એના દુઃખનું કોઈ કારણ હોવું જોઈએ. આ જીવનમાં દરેક વસ્તુનું એક કારણ હોય છે." પછી એણે લોટના ઢગલા પર સૂકો લોટ નાખીને એને કુટયો. "ચિંતા નહીં કર, એન્જેલીનો. જો સંત ખુશ નથી તો એનું કોઈ કારણ હશે." એના આંખના ખૂણાથી એણે ગિનોને એક પેસ્ટ્રી માટે હાથ આગળ કરતા જોયો, અને આપમેળે કહ્યું, "ગિનો, પેસ્ટ્રીથી દૂર રહે! કાશ કે તારી માઁ હજી તારા પર નજર રાખવા માટે જીવિત હોત!"

જયારે એન્જેલીનોએ કહ્યું કે એનો ઘરે જવાનો સમય થઈ ગયો છે, તો એણે એના પરિવાર માટે એક મોટી અખરોટ અને કિસમિસની કેક આપી. જેવો એ સડક પર ગયો, એન્જેલીનો વિચારવા લાગ્યો, "મને આશ્ચર્ય છે કે ગિનો આટલો દુઃખી કેમ છે. એની પાસે રહેવા માટે એક સરસ ઘર છે અને ખાવા માટે ઘણું બધું છે. સારા કપડાં અને ખર્ચવા માટે પૈસા છે, અને એના પિતા બહુ દયાળુ છે." એન્જેલીનો કલ્પના કરી શકતો ન હતો કે આ બધું છતાં કોઈ નાખુશ કેવી રીતે હોઈ શકે છે. પછી એ ખડખડાટ હસવા લાગ્યો. "ગિનો અને એની સ્કુટી!" એ મનમાં બોલ્યો. "તમે ક્યારેય જાણી નહીં શકો કે આગળ એ શું ઇચ્છશે."



રસ્તામાં એન્જેલીનો બેકરીના દરવાજાથી થોડે દૂર શ્રીમાન બુટીના ગેરેજમાં જોવા માટે રોકાયો. એણે શ્રીમાન બુટીને મોઢામાં અંગુઠો લઈને એક પગેથી બીજા પગ ઉપર કૂદતાં જોયા. એન્જેલીનોએ વિચાર્યું કે એક વયસ્ક માટે આ બહુ અજબ વ્યવહાર છે. પણ એક-બે મિનિટ રાહ જોયા પછી, એ વિચારીને કે શું થઈ રહ્યું છે, એણે કહ્યું, "હેલો, શ્રીમાન બુટી. તમે કેમ છો?" શ્રીમાન બુટીને ગામમાં થઈ રહેલી દરેક વાતમાં બહુ દિલચસ્પી હતી, અને એન્જેલીનોએ એને સંત વિષે વાત કરવાનું ઇચ્છયું હતું.

પણ જયારે એ માણસે ધુરકિયું કર્યું, તો એણે એ વિચાર માંડી વાળ્યો. એ માણસે અજાણતામાં હથોડીથી એના અંગુઠા પર પ્રહાર કર્યો હતો. એણે એન્જેલીનોને ચાલ્યા જવા માટે કહ્યું અને બીજા કોઈ દિવસે આવવાનું કહ્યું.

"મારી ઉપર આ કૃપા કર," એણે કહ્યું, પણ એન્જેલીનો ગયો નહીં. એણે કહ્યું, "શ્રીમાન બુટી, જો તમે ઠંડા પાણીમાં તમારો હાથ નાખશો તો તમારી પીડા ઓછી થશે."

શ્રીમાન બુટીએ એના પર કોઈ ધ્યાન ન આપ્યું, અને એનો અંગુઠો ચૂસતા રહ્યા. પછી એણે એનું મન બદલ્યું, અને એનો હાથ પાણીની બાલ્દીમાં નાખી દીધો જે એક બેન્ચ પર રાખેલી હતી. એની આંખો ચમકી ઉઠી. "આહ, ઓહ! આ હકીકતમાં સારું લાગી રહ્યું છે. આભાર, એન્જેલીનો."

"એ વિષે વિચાર," એણે આગળ કહ્યું. "વીસ વર્ષોથી હું ઉપકરણો સંભાળી રહ્યો છું અને ક્યારેય કોઈ નાના મારથી વધારે મને વાગ્યું નથી. અને આજે જયારે મિલાનથી એક મોટી અને મોંઘી ગાડી, જે એક બેલગાડી સાથે ભટકાઈ ગઈ હતી, એની ઉપર જલ્દીથી કામ કરવાનો અવસર મળ્યો તો મેં મારો અંગુઠો તોડયો!"

એન્જેલીનોએ ત્યાં સુધી સાંભળ્યું જ્યાં સુધી એને થોડું સારું ન લાગ્યું. પછી એણે સાહસ કર્યું અને પૂછ્યું, "શ્રીમાન બુટી, શું તમે સંતો વિષે કંઈ જાણો છો?"

મિકેનિકે સ્મિત કર્યું. "હું તને વિનંતી કરું છું, એન્જેલીનો, હવે મને આટલો અઘરો સવાલ ન કર. હું એક મિકેનિક છું, પાદરી નહીં." એ મૂંઝાયેલા લાગ્યા. "તું કેમ પૂછે છે? શું તને સ્કૂલમાં કોઈ સમસ્યા છે?"

"ના, આ મારી પોતાની સમસ્યા છે ચર્ચના બગીચાના સંત વિષે, શ્રીમાન બુટી."

મિકેનિકે એનો સૂજેલો અંગુઠો ભવા ચઢાવીને જોયો, પછી કહ્યું, "હું ભૂલી ગયો હતો કે એ બગીચામાં એક સંત છે. એનાથી ખબર પડે છે કે મને કામ કર્યા પછી કેટલો ઓછો સમય મળે છે. તો, તેના વિષે શું?"

"બગીચામાં સંત ફ્રાન્સિસ છે, શ્રીમાન બુટી. અને એ બહુ દુઃખી છે."

મિકેનિકે એનો અંગુઠો ફરી પાણીની બાલદીમાં નાખ્યો.

"એન્જેલીનો, તું પણ જાણે છે અને હું પણ જાણું છું કે સંત ફ્રાન્સિસ સો વર્ષો પહેલા હતા."

"આ એની મૂર્તિ છે જેના વિષે હું વાત કરી રહ્યો છું, શ્રીમાન બુટી," એન્જેલીનોએ ધીરજથી કહ્યું.

"ઓહ, હવે હું સમજ્યો." બુટીએ એની હડપચી સહેલાવતા કહ્યું. "શું તું મને એ જણાવવાની કોશિશ કરી રહ્યો છે કે એ મૂર્તિ એક જીવિત વ્યક્તિમાં બદલાઈ ગઈ છે?"

એન્જેલીનો બોલ્યો, "એ તો હું જાણતો નથી પણ હું વિશ્વાસથી કહી શકુ છું કે પહેલા એ સ્મિત કરતા હોય એવા દેખાતા હતા પણ હવે એ દુઃખી પ્રતીત થઈ રહ્યા છે."

"એન્જેલીનો, આ તો તું બહુ અજબ વાત કરીરહ્યો છે. શું તું કહેવા ચાહે છે કે કોઈ ચમત્કાર થયો છે," બુટીએ પૂછ્યું.

એન્જેલીનો બોલ્યો, "આ નક્કી કોઈ ચમત્કાર જ હશે કે એ ફરી વાર સ્મિત કરે."

શ્રીમાન બુટી બોલ્યા, "કોઈ દિવસ હું સમય કાઢીને બગીચામાં જઈને મૂર્તિને જોઇશ. એ મૂર્તિ બગીચાની ઉત્તર દિશામાં છે ને."

"જી, શ્રીમાન બુટી," એન્જેલીનોએ કહ્યું.

મિકેનિક બુટીએ એનો હથોડો ઉપાડયો અને કંઈ બોલ્યા વગર એનું કામ કરવા લાગ્યા. એવું લાગી રહ્યું હતું કે એ એનું દરદ ભૂલી ગયા હતા અને એ જોર-જોરથી લોખંડને પીટી રહ્યા હતા.

એન્જેલીનો થોડા સમય માટે રાહ જોતો રહ્યો કે કદાચ શ્રીમાન બુટી કંઈ વિચારીને સંતની ઉદાસી વિષે કંઈક બોલશે. પણ થોડા સમયમાં એને લાગ્યું કે મિકેનિકનું મગજ સંપૂર્ણ રીતે એના કામ પર હતું, એટલે એ ત્યાંથી કંઈ નવું જાણ્યા વગર નીકળી ગયો.

એ થોડા જ ડગલાં ચાલ્યો હતો કે સડકની બીજી બાજુ કોઈને એને બોલાવ્યો.

પાછળ ફર્યો અને એણે જોયું કે એના પિતાના મિત્ર, મિસ્ટર રફીનો, જે કેબિનેટ બનાવતા હતા, એની દુકાનના ગેટ પર ઉભા હતા.

"હેલો શ્રીમાન રફીનો," એન્જેલીનોએ કહ્યું અને દુકાનની બારીમાં રાખેલા સામાનને જોવા લાગ્યો. એ જાણતો હતો કે દુકાનમાં બધો સામાન હાથેથી બનતો હતો અને એના ઉપર સરસ નકશીકામ કરેલું હતું પણ એક નકશીદાર ખુરશી જોઈને એની આંખો અચરજથી પહોળી થઈ ગઈ.

એણે કહ્યું, "આ સૌથી અદભુત ખુરશી છે જે મેં આજ સુધી જોઈ છે. એ એટલી ભવ્ય છે કે એક સિંહાસન જેવી દેખાય છે."

શ્રીમાન રફીનોએ ખુશીથી સ્મિત કર્યું. "આભાર, એન્જેલીનો. મને ખુશી છે કે તને એ પસંદ આવી."

છોકરાના અવાજથી એક બુઢ્ઢો કૂતરો દુકાનમાંથી બહાર આવ્યો. એ એન્જેલીનોની ચારે બાજુ ચક્કર લગાવવા લાગ્યો અને એનો હાથ ચાટવા લાગ્યો. એન્જેલીનોએ એના હાથની કેક નીચે મૂકી અને કૂતરાની પટ્ટી જોવા ઘૂંટણ પર બેસી ગયો.



"શ્રીમાન રફીનો, શું તમને લાગે છે કે હાડકું સારું થઈ રહ્યું છે?" એન્જેલીનોએ પૂછ્યું.

કેબિનેટ નિર્માતાએ જવાબ આપ્યો, "તારી દેખભાળને લીધે એનામાં રોજ સુધારો થઈ રહ્યો છે. આપણે હવે કોઈ પણ દિવસે લાકડી કાઢી શકશું."

કૂતરો એની પૂંછડી હલાવે છે અને ભસે છે જાણે એ સમજી ગયો હોય કે શ્રીમાન રફીનોએ શું કહ્યું હોય. પછી એ ગયો અને દરવાજામાં સૂઈ ગયો. એ એન્જેલીનોને પ્રેમથી જોઈ રહ્યો હતો. એન્જેલીનોએ એની કેક ઉઠાવી અને ફરી બારીમાં ખુરશીને જોવા ચાલ્યો ગયો. એણે પૂછ્યું, "શું તમે એને કોઈ રાજા કે રાજકુમાર કે એવી કોઈ વ્યક્તિ માટે બનાવી છે?"

"રાજાઓ અને રાજકુમારો!" લાકડીનું નકશીકામ કરવાવાળો ખુશીથી હસ્યો. "રાજાઓ, રાણીઓ અને રાજકુમારો અને એ બધા વૈભવોના દિવસો હંમેશ માટે ચાલ્યા ગયા છે. પણ તેં પૂછ્યું છે તો તને જણાવું - મેં એને બનાવવાની ખુશી માટે બનાવી છે. બધા સંતોના સમ, આ સાચું છે."

"સંત" શબ્દે એન્જેલીનોને યાદ અપાવી કે એ શું હતું જે એને હેરાન કરી રહ્યું હતું. એને લાગ્યું કે એણે લાકડાની નકશીકામ કરવાવાળા પાસે સલાહ લેવી જોઈએ. આખરે, શ્રીમાન રફીનો એક સન્માનિત કલાકાર અને ઘણા વધારે શિક્ષિત હતા. કદાચ એ રહસ્યનો ઉકેલ શોધી શકતા હતું.

એટલે એન્જેલીનોએ કહ્યું, "શ્રીમાન રફીનો, તમે ચર્ચના બગીચામાં સેન્ટ ફ્રાન્સિસની લાકડાની મૂર્તિને જાણો છો ને?"

"નિશ્ચિત રૂપથી, એન્જેલીનો. મેં એને બે વરસ પહેલા રંગી હતી. હવામાનને કારણે એ રંગ એટલો હલકો થઈ ગયો હતો કે આપણા ગામના આગંતુક એ જણાવી શકતા ન હતા કે એ ક્યા સંત છે. તું કેમ પૂછી રહ્યો છે? શું એને ફરી રંગવાની છે?"

"ઓહ નહીં," એન્જેલીનોએ કહ્યું. "રંગ તો હજી પણ લગભગ એટલો જ ચમકીલો અને દમદાર છે જેટલો કે જયારે તમે રંગી હતી ત્યારે હતો." પણ એ એક પળ માટે અચકાયો.



"પણ કંઈક થયું છે, કંઈક એવું જે મને સમજાતું નથી. તમે તો જાણો છો કે સંત હંમેશા સ્મિત કરતા હોય છે."

"હા, નિશ્ચિતરૂપ થી, સૌથી સ્વર્ગીય સ્મિત," લાકડાની નકશીકામ કરવાવાળાએ કહ્યું, જે ઊંડી રુચિથી સાંભળી રહ્યો હતો.

એન્જેલીનોએ કહ્યું, "પણ હવે એ સ્મિત કરતા નથી."

શ્રીમાન રફીનોએ એની ઝાડીદાર ભમર ઉપર ચઢાવી. થોડી વાર સુધી એ ચુપચાપ એની પાઇપ પીતા રહ્યા. પછી એણે કહ્યું, "આ ઘણું સંભવ છે, એન્જેલીનો. એ કેવળ એક ભ્રમ હોય, નિશ્ચિત રૂપ થી, કદાચ પ્રકાશના એક નિશ્ચિત પ્રકાશની રમતને લીધે. જે વ્યક્તિએ આપણા સંત ફ્રાંસિસનું નકશીકામ કર્યું હતું, એ નિઃસંદેહ એક એવો કલાકાર હતો જેણે બહુ દિલ લગાવીને કામ કર્યું હતું. એન્જેલીનો, તું સમજી રહ્યો છે ને કે હું શું કહી રહ્યો છું."

"હા, કદાચ હું સમજી રહ્યો છું. એ કલાકારને એના કામથી બહુ પ્રેમ હતો. તમે એ જ કહેવા ચાહો છો ને, શ્રીમાન રફીનો."

"એ સાચું છે," લાકડાના કારીગરે કહ્યું. "અને કલાનું એક સારું કામ, વિશેષ રૂપથી એક નકશીકામ, વિભિન્ન પ્રકારની રોશનીથી રહસ્યમય રીતે બદલી શકે છે. તું એક ભ્રમ જોઈ રહ્યો છે, એન્જેલીનો. કદાચ કાલે સંત ફરી સ્મિત કરતા હશે."

છોકરો ધ્યાનથી સાંભળી રહ્યો હતો. એણે કહ્યું, "મને આશા છે કે એવું જ થશે. ઓહ, હું નિશ્ચિત રૂપથી આશા કરું છું કે એવું જ થાય. આભાર, શ્રીમાન રફીનો, શુભ રાત્રી."



એન્જેલીનો જલ્દીથી ઘર તરફ ચાલી નીકળ્યો. સૂર્ય ડૂબી ગયો હતો, અને રાખોડી ક્ષિતિજ પર એક તેજસ્વી પીળી રેખા છોડી ગયો હતો. તળેટી ઉપર, લિટ્ટલ આલ્પ્સની બરફથી ઢંકાયેલી ટોચ પરથી વાદળી અને નારંગી રંગના સૂર્યના અંતિમ કિરણો પ્રતિબિંબિત થઈ રહ્યા હતા. એક તેજ હવા ચાલી રહી હતી, અને એન્જેલીનો ફાટેલા બૂટનાં તળિયામાંથી પૃથ્વીની ઠંડકનો અનુભવ કરી રહ્યો હતો. એ દોડવા લાગ્યો.

"તને આજે ફરી મોડું થયું છે," એની બહેન એનાએ કહ્યું. "આજે તને કઈ વસ્તુએ રોક્યો અને આ તારા હાથના ડબ્બામાં શું છે."

"આ એક કેક છે જે ગિનોના પિતાજીએ આપણા બધા માટે મોકલાવી છે."

"અરે વાહ," એના અને ટિનોએ કહ્યું. "એ સ્વાદિષ્ટ કેક બનાવે છે."

એન્જેલીનોની માઁ એ કહ્યું, "સૌથી સરસ. આ એની ભલાઈ છે. બધા બેસી જાઓ. રાતનું ભોજન તૈયાર છે."

એન્જેલીનોએ કહ્યું, "તમે લોકો શરુ કરો, હું એક મિનિટમાં પાછો આવી જઈશ."

એણે રોટીનો એક નાનો ટૂકડો લીધો અને ઘાયલ ચકલીને, જેને એ ગરમ ચીમની પાસે એના રૂમના ખૂણામાં એક નાના ડબ્બામાં રાખતો હતો, ખવડાવવા માટે પગથિયાં ચઢી ગયો. ચકલીએ જયારે એન્જેલીનોના આવવાનો અવાજ સાંભળ્યો તો એ જાગી ગઈ અને જોરથી અવાજ કર્યો. એન્જેલીનોએ એને ખવડાવ્યું અને એને ઝડપથી ખાતા જોઈને ખુશીથી હસ્યો. એણે તૂટેલી પાંખને ધ્યાનથી જોઈ. "આ બહુ સારી રીતે જોડાઈ રહી છે. બહુ સમય નહીં લાગે જયારે તું બહાર ઉડી જઈશ." એણે ડબ્બામાં થોડા ટૂકડા મુક્યા, પાણીને ફરી ભરી દીધું, અને રાતનું ભોજન કરવા નીચે જતો રહ્યો.

ટીનોએ પૂછ્યું, "શું ગિનોને એનું સ્કુટી મળી ગયું છે?"

"નહીં, એના પિતા એને ખરીદશે નહીં. ગિનો એ વાત પર બહુ ગુસ્સામાં છે."

દાદા હસ્યા. "એ એક જંગલી છે, એ ગિનો."

"અને શું તમે એને સ્કુટી પર હોવાની કલ્પના કરી શકો છો?"

એનાએ કહ્યું. "એ એની સાઇકલ પર જ બહુ ખરાબ છે. એક સ્કુટી પર તો એ વાસ્તવમાં જોખમી થશે. એ સિવાય, એ ફક્ત દસ વરસનો છે."

ટીનોએ કહ્યું, "ઓહ, આ કેવળ ગિનોના સ્વપ્નામાંનું એક છે. જેમ કે જયારે એ ભાગી જવાનો હતો."

એના હસી-હસીને બેવડ વળી ગઈ. "અને એના પિતાએ એને ભંડકિયામાં પેસ્ટ્રીની એક મોટી ટ્રે સાથે સંતાયેલો પકડયો હતો અને એના મોઢા પર ફોલ્લીઓ થઈ હતી!"

એની માઁ એ કહ્યું, "આ કોઈ હસવાની વાત નથી. આ દુર્ભાગ્યપૂર્ણ છે. બધા જાણે છે કે શ્રીમાન બીયાંકો એનું સર્વશ્રેષ્ઠ કરી રહ્યા છે."

દાદાજીએ કહ્યું, "જીવન એવી રીતે જ ચાલે છે. પણ આપણી બધી મુશ્કેલીઓ સામે પણ આપણે આપણો વિશ્વાસ જાળવી રાખવો જોઈએ." એ એન્જેલીનો તરફ ફર્યા.

"શું તને ભૂખ નથી લાગી? સ્વપ્ન જોવાનું બંધ કર અને ભોજન કર. શું તને કોઈ સમસ્યા છે?"

જયારે બીજા લોકો વાતો કરી રહ્યા હતા ત્યાર એન્જેલીનોને ફરી એના પ્રિય સંતનો ઉદાસ ચહેરો યાદ આવ્યો. પણ એ પરિવાર સામે દાદાજીને કેવી રીતે જણાવી શકે? ત્યાં અચાનક એને એક વિચિત્ર સંવેદના થઈ અને એનો ચહેરો રાહતથી ચમકી ઉઠયો. સંત ફ્રાન્સિસ પહેલા હંમેશા હસતા હતા, એટલે નિશ્ચિત રૂપથી એ ફરી હસશે. એ હંમેશા દુઃખી રહી ન શકે. એન્જેલીનોએ ઊંડો શ્વાસ લીધો અને જલ્દીથી જમવા લાગ્યો.

એની માઁ અને પિતાએ એના દીકરાના ચહેરામાં અચાનક આવેલો ફેરફાર જોયો. બંનેએ તરત પૂછ્યું, "ગામમાં બીજા કોને જોયા?"

"બધા લોકોને," એન્જેલીનોએ કહ્યું. "મેં શ્રીમાન ગેલો, શ્રીમાન બીયાંકો અને ગિનોને જોયા. પછી મેં ગેરેજમાં શ્રીમાન બુટી ને જોયા. એણે હથોડાથી પોતાનો જ અંગુઠો ભાંગી નાખ્યો. પછી મેં શ્રીમાન રફીનોને જોયા. એનો કૂતરો ઘણો સારો થઈ રહ્યો છે. એણે મારી સાથે કળા વિષે વાત કરી. પછી હું ઘરે આવ્યો."

એમણે કહ્યું, "એન્જેલીનો, તારો દિવસ ચોક્કસ વ્યસ્ત રહ્યો હશે."

બીજે દિવસે એન્જેલીનો, ટીનો અને એના શાહબલૂત, હેઝલનટ અને મશરૂમ ભેગા કરવા પહાડની તળેટીમાં ચાલ્યા ગયા. એ ચટ્ટાનો અને વૃક્ષોની વચ્ચે રમત રમ્યા, ગાયન ગાયા, ચીસો પાડી, અને મન ભરીને મેવો ખાધો.

ઊંચાઈ પરથી એ નીચે નાના ગામને જોઈ શકતા હતા. એની આસપાસના ખેતર શેતરંજના પટ જેવા દેખાતા હતા. દૂરથી ભૂમધ્ય સાગર એક ધૂંધળા ધબ્બા જેવો દેખાતો હતો. એની આસપાસનો ધરતીનો વિસ્તાર બધી બાજુ ચર્ચના મિનારાથી ભરાયેલો હતો.

એન્જેલીનોએ કહ્યું, "મારો થેલો અડધો ભરાઈ ગયો છે." એણે હેઝલનટ ભેગા કરવાનો ફેંસલો કર્યો હતો. ટીનો, જે ઝાડ ઉપર ચઢવામાં નિપુણ હતો, શાહબલૂત ભેગા કરી રહ્યો હતો.



એના એક નાની ટોકરી સાથે લાવી હતી અને ઝાડની ચારે બાજુ પડેલા અને પાંદડાની નીચે ઢંકાયેલા મશરૂમને અહીં-ત્યાં શોધી રહી હતી.

અચાનક એન્જેલીનોને એક શાહુડી દેખાણી અને એણે ઉત્સાહથી બધાને એ નાના જાનવરને જોવા માટે બોલાવ્યા. ટીનો એને એક છડીથી અડયો તો એક એક દડાની જેમ ગોળ બની ગયું, અને એના ધારદાર કાંટા એના શરીરની આસપાસ ફેલાઈ ગયા.

"હું એને ઘરે લઈ જઈશ," એન્જેલીનોએ કહ્યું.

એનાએ કહ્યું, "નહીં! અત્યારે તારી પાસે પ્રાણી સંગ્રહાલયમાં હોય એટલા પાળેલા જાનવરો છે. તારી પાસે એક ઘુવડ, એક ચકલી, સસલાં, બકરીઓ, બળદ અને ઘણી મરઘીઓ છે. બીજા એક જાનવરની દેખભાળ કરવા કેમ ચાહે છે?"

"ઓહ, એના," એન્જેલીનોએ કહ્યું, "એ ભૂખ અને ઠંડીથી મરી જશે."

"શું! એ કવચ સાથે?" ટીનોએ પૂછ્યું. "તારે માટે એ સારું થશે કે તું એને અહીં જ છોડી દે."

એના અને ટીનો પોતાના કામ પર પાછા ફર્યા. એન્જેલીનો એક ચટ્ટાન પર બેસીને શાહુડીના પીંછા ખુલવાની રાહ જોતો રહ્યો. એ હલ્યા-ચાલ્યા વગર પડી રહ્યું હતું. એન્જેલીનો વિચારવા લાગ્યો. થોડા સમયમાં એના દયાળુ દિલે એની સમજદારી પરથી કાબુ મેળવી લીધો. એણે ચારે બાજુ જોયું. ટીનો એક ઝાડ પર હતો. એના ઘણી દૂર હતી. જલ્દીથી એણે એક છડી ઉપાડી અને શાહુડીને એના થેલામાં સરકાવી દીધું. "જો હું તને અહીં છોડી દઉં તો તું નિશ્ચિત રૂપથી ભૂખે મરી જઈશ," એણે કહ્યું, અને થેલો બંધ કરી દીધો. પછી એણે બધાને બોલાવ્યા. "હવે ઘરે જવાનો સમય થઈ ગયો છે? મારો થેલો પણ ભરાઈ ગયો છે."

એનાને એની ટોકરી ભરવા માટે પર્યાપ્ત મશરૂમ મળ્યા ન હતા, પણ એના હાથ એટલા ઠંડા થઈ ગયા હતા કે એ હાર માનવા માટે તૈયાર હતી.

થોડી મિનિટોમાં ટીનો ઝાડ પરથી નીચે ઉતાર્યો અને એણે સંતોષથી કહ્યું, "આ વરસે શાહબલૂત બહુ સારા છે. મને શેકેલા શાહબલૂત બહુ પસંદ છે!" એણે થેલાને ખભા પર લીધો અને એ પહાડ પરથી નીચે ઉતરવા લાગ્યા.

એનાએ ચાલતા-ચાલતા કહ્યું, "મશરૂમ આ વખતે એટલા મોટા અને મોટી માત્રામાં નથી જેટલા ગયે વરસે હતા." એણે નાની ટોકરીને આગળ કરી. "જુઓ! આ પકાવવા લાયક પણ નથી."

એન્જેલીનોએ કહ્યું, "જયારે એક વસ્તુ વધારે માત્રામાં હોય ત્યારે બીજી વસ્તુ ઓછી હોવી સાધારણ છે. દાદાજી હંમેશા એ જ કહે છે."

"મને જોવા દે," ટીનોએ કહ્યું. "મેં એક થેલો શાહબલૂતનો ભર્યો છે, એનાએ એ બધા મશરૂમ ભેગા કર્યા છે જે એને મળ્યા છે. પણ એન્જેલીનો, શું તેં પર્યાપ્ત હેઝલનટ ભેગા કર્યા છે?" "હા, હા, જુઓ મારો થેલો કેટલો ભારવાળો છે," એન્જેલીનોએ જલ્દીથી કહ્યું.

એ જંગલની વચ્ચેથી પહાડ પરથી ઉતરતા ગાઈ રહ્યા હતા. એન્જેલીનોના થેલામાં શાહુડી શાંત પડયું હતું, અને એ માટે એન્જેલીનો આભારી હતો.



એ નાના-નાના સ્પ્રુસ અને સદાબહાર વૃક્ષોના એક ઢલાણ પર આવ્યા,અને હવા સુગંધિત થઈ ગઈ.

ટીનોએ કહ્યું, "ચાલો, આખરે નાતાલનું સ્વર્ગ આવી જ ગયું." એણે એક ઊંડો શ્વાસ લીધો.

"નાતાલ પરથી યાદ આવ્યું," એન્જેલીનોએ કહ્યું, "શું આ આપણી માળા બનાવવાનો સમય નથી, જેમ આપણે હંમેશા કરીયે છીએ?"

ટિનોએ કહ્યું, "હા. અને અહીં એક લાખ નાતાલની માળાઓ બનાવવા માટે પર્યાપ્ત સદાબહાર છે." એણે એના ખિસ્સામાંથી ચાકુ કાઢ્યું અને એક નાના સ્પ્રુસના ઝાડની શાખાઓ કાપવા લાગ્યો.

"થોડી મારે માટે પણ કાપી લે, ટીનો," એન્જેલીનોએ કહ્યું. "હું એક વિશેષ નાની માળા બનાવવા ચાહું છું."

સદાબહાર શાખાઓ અને મેવાના થેલા ભરીને, એ નીચલા ઇલાકા તરફ ઉબડ-ખાબડ રસ્તા પર ચાલતા રહ્યા. શેવાળવાળી ચટ્ટાનો પર પડતા નાના-નાના ધોધ સાથે વહેતી એક ચંચળ નદી ઢલાણની નીચે એનો પીછો કરતી રહી. જેમ કે એન્જેલીનોની ધારણા હતી, શાહુડીએ હલવાનું શરુ કર્યું. એક તેજ કાંટો પહેલાથી જ એની પીઠ પર ખૂંચી રહ્યો હતો. એણે થેલાને એના બીજા ખભા પર લઈ લીધો, પણ એનાથી એક કાંટા ને બદલે એના સ્વેટરમાં ઘણા કાંટા ખૂંચવા લાગ્યા.એન્જેલીનો જ્યાં સુધી સહન કરી શકતો હતો ત્યાં સુધી એણે દરદને સહન કર્યું, અને પછી થેલાને એની પાછળ જમીન પર ખેંચવાનું શરુ કર્યું.

ટિનોએ સદબહારના તંબુ પાછળથી બહાર ઝાંક્યુ. એણે કહ્યું, "એન્જેલીનો! થેલો આવી રીતે લઈ ન જવાય. એનાથી તો એ ફાટી જશે અને હેઝલનટ્સ વિખેરાઈ જશે. શું એ તારે માટે બહુ ભારે છે?"

"નહીં, ટીનો. એ બહુ ભારે નથી." એન્જેલીનોએ થેલાને ફરી એના ખભા પર ઉઠાવી લીધો. એણે સ્મિત કરીને એનો ચહેરો બીજી બાજુ કરી દીધો. હવે એને એવું લાગી રહ્યું હતું કે શાહુડીના બધા કાંટા એને ખૂંચી રહ્યા હતા. એણે થેલાને તરત નીચે મૂકી દીધો અને એના અને ટીનો તરફ એક લજ્જિત સ્મિત ફેંક્યું. એણે કહ્યું, "એનો કોઈ ફાયદો નથી . મેં ભૂલ કરી."

શાહુડી એટલા ગુસ્સામાં એના થેલામાંથી બહાર આવ્યું કે એન્જેલીનોના હેઝલનટ બધી દિશામાં વિખેરાઈ ગયા.

ટીનો અને એનાએ એને એક પથ્થરની પાછળ ભાગતા જોયું, પછી એના ભાઈ તરફ જોયું, જે અવાક હતો. ચુપચાપ એમણે એનો વિખેરાયેલો મેવો ભેગો કરવામાં મદદ કરી. એન્જેલીનો એક શબ્દ પણ બોલ્યો નહીં, પણ એને એવું લાગી રહ્યું હતું જાણે એની પીઠ પર આગ લાગી છે.

જયારે એ ઘરે પહોંચ્યા તો એન્જેલીનો એના રૂમમાં ચાલ્યો ગયો. એણે સ્વેટર અને ખમીસ ઉતાર્યા અને અરીસામાં એની પીઠની તપાસ કરી. એણે કહ્યું, "હે માઁ! ઓરી નીકળ્યા હોય એવું લાગે છે." એણે પીઠ પર થોડો લેપ લગાડયો અને ખમીસ પહેરી લીધું. એણે કહ્યું, "મારી સાથે આ યોગ્ય જ થયું છે."

ડબ્બામાં ઘાયલ ચકલીએ એન્જેલીનોને અહીં-તહીં ચાલતા સાંભળ્યો અને જોરથી ચીં-ચીં કરવા લાગી. "ઠીક છે, થોડું ધૈર્ય રાખ," એન્જેલીનોએ કહ્યું. "તને રાતનું ખાવાનું મળી જશે." એ સાંજે આખો પરિવાર રસોડાના મોટા ટેબલની ચારે બાજુ નાતાલની માળાઓ બનાવતા બેઠો રહ્યો. પહેલા એ હરિયાળીની નાની શાખાઓને એક મોટા ગોળાકારમાં પરોવતા, પછી એમાં હોલીની નાની ડાળખીઓ લગાવતા. પછી એ એની વચ્ચે શાહબલૂત, હેઝલનટ અને બદામના ગુચ્છા બાંધતા.



જ્યાં સુધીમાં માળાઓને દીવાલમાં બનેલા તાપણાંની ઉપર ટાંગવામાં આવી, ત્યાં સુધીમાં રાત થઈ ગઈ હતી, પણ સૂતા પહેલા દાદાજીએ એ માળાઓને પૂરી કરી - એના માથા પર એક નાની ચમકીલી રંગીન મૂર્તિ લગાવીને. એ બાળ ઈસુ હતા, અને એની ફેલાયેલી ભુજાઓ આખા પરિવારને પોતાના તરફ બોલાવતી અને ગળે લગાવતી પ્રતીત થઈ રહી હતી.

એન્જેલીનોએ એની નાની માળા પૂરી કરી લીધી હતી અને એને ઠંડી અને તાજી રાખવા બારીમાં રાખી, જેથી એને ચર્ચના બગીચામાં સંત ફ્રાન્સિસ પાસે લઈ જઈ શકે.

એ રાતે એની પીઠ પર ચુભેલા કાંટાએ એને બેચેન કરી દીધો, અને એ આરામદાયક સ્થિતિ શોધવાની કોશિશમાં પથારીમાં અહીં-તહીં હલતો રહ્યો. મૂંઝવણભર્યા દ્રશ્યો એની આંખો સામે ફરતા રહ્યા, અને જયારે આખરે એને ઊંઘ આવી તો એણે સ્વપ્નું જોયું કે એ બહુ દૂર એક અજબ દેશમાં છે. એ એક વ્યસ્ત સડક પર ચાલી રહ્યો હતો, પણ ગાડીને બદલે એન કેવળ બળદ અને ગધેડા દેખાયા, અને લોકોએ ઘણા અલગ કપડાં પહેર્યા હતા. એ મિત્રતાપૂર્ણ અને ખુશ લાગી રહ્યા હતા, અને એને આશ્ચર્ય થયું જયારે બધા અનાયાસ હસવા અને ગાવા લાગ્યા.

એન્જેલીનો અચાનક જાગી ગયો. એણે પલક ઝપકાવીને ચારે બાજુ જોયું. ત્યાં એના પલંગની બાજુમાં, સવારના આછા પ્રકાશમાં, એનો ભાઈ ટીનો ઉભો હતો. એન્જેલીનોએ કહ્યું, "મેં એક સ્વપ્નું જોયું હતું." એક મરઘાની બાંગે એનો અવાજ દબાવી દીધો.


"મને ખબર છે," ટીનોએ કહ્યું. "તારું સ્વપ્નું બહુ ખુશાલીવાળું હશે. તું જોર-જોરથી હસી રહ્યો હતો."

"હું હસી રહ્યો હતો?" એન્જેલીનોએ પૂછ્યું. "ઓહ!" એણે એની પીઠ પર હાથ રાખ્યો અને સ્મિત કર્યું.

ટીનોએ પૂછ્યું, "શું થયું?"

"કંઈ નહીં. સાચે, કંઈ થયું નથી."

"ઠીક છે, તો પાછો સૂઈ જ. થોડી વારમાં નાસ્તાનો સમય થશે."



નાતાલના ત્રણ દિવસ પહેલા એન્જેલીનો નાની માળા લઈને ચર્ચના બગીચામાં ગયો. એણે ચારે બાજુ નજર ફેરવી અને જોયું કે ફુવારાનું પાણી જામી ગયું હતું. થોડા કબૂતર અને થોડી ચકલી એને એવી રીતે જોઈ રહ્યા હતા જાણે એ એને પીવાની કોશિશ કરી રહ્યા હોય. એન્જેલીનોએ એક ધારદાર પથ્થર લઈને બરફ પર માર્યો જેનાથી સપાટીમાં તિરાડ પડી, અને થોડા સમયમાં ઘણા નીલકંઠ, લાલ ચકલી, મેના અને ચકલીઓ પાણીના નાના તળાવ આસપાસ ભેગા થઈ ગયા. એ રોટીના થોડા ટૂકડા પણ લાવ્યો હતો, જે એણે જમીન પર વેરી દીધા. થોડી વાર સુધી એ પક્ષીઓને ખાતા જોઈ રહ્યો, પછી સંતના આશ્રય તરફ આગળ વધ્યો.

માળા અર્પણ કરતા એણે જોયું કે શું સંત ફ્રાન્સિસ સ્મિત કરી રહ્યા હતા, પણ એનો ચહેરો હજી પણ ઉદાસ હતો. એન્જેલીનો આકૃતિના પાયામાં માળા અર્પણ કરવાનો જ હતો, ત્યાં અચાનક એણે સંતના ઉઘાડા પગ જોયા.

એણે એને એવી રીતે જોયા જાણે એ પહેલી વાર જોઈ રહ્યો હોય. "આ કોઈ આશ્ચર્યની વાત નથી કે તમે દુઃખી છો," એણે કહ્યું. "તમારા પગ થીજી ગયા છે!" એન્જેલીનો એના હળવા હાથોથી એને અડયો અને એવું કરતા-કરતા એના મગજમાં એક શાનદાર વિચાર આવ્યો. એ પાછળ હટી ગયો અને એણે અચાનક ખુશ થઈને સંત તરફ જોયું. "તમને એક જોડી બૂટ જોઈએ છે!"

એણે ધ્યાનથી સંતના પગમાં માળા અર્પણ કરી, અને ગણગણાટ કર્યો, "બૂટ, બૂટ, બૂટ!" એના મનમાં એક યોજના બની રહી હતી. "હું એને માટે એક જોડી બૂટ બનાવીશ," એણે કહ્યું. જો એ ઉપર જોત તો એને સંતના ચેહરા પર એક મંદ સ્મિત જોવા મળત.

પણ એન્જેલીનો જે પોતાની અચાનક પ્રેરણાથી બહુ ઉત્સાહિત હતો, તેજીથી બગીચાની બહાર નીકળી ગયો.


"તો હવે," એ મનમાં બોલ્યો, "ચામડું ક્યાં મળશે, એ સમસ્યા છે. અરે! નિશ્ચિત રૂપથી બૂટ બનાવવાવાળાની દુકાને, બીજે ક્યાં!"

એન્જેલીનો દોડી પડયો. એના બૂટનાં તળિયા ઠંડી ફૂટપાથ પર ચીપકી રહ્યા હતા, અને એના પગ ઠંડીથી સુન્ન થઈ ગયા હતા, પણ એને એનો કોઈ અહેસાસ ન હતો. સડક પર ઘણા લોકો હતા, જે દુકાનોમાં આવવા-જવામાં વ્યસ્ત હતા.

એ મોટે ભાગે બહારના ભાગમાંથી આવતા ખેડૂત હતા, અને કોઈએ એન્જેલીનો તરફ ધ્યાન ન આપ્યું. અંતે એ નાના, દાઢીવાળા, બૂટ બનાવવાવાળા શ્રીમાન ગેલો પાસે પહોંચ્યો.

એ લોખંડના ચૂલા પર એક કઢાઈમાં શાહબલૂત હલાવી રહ્યા હતા. દરવાજા પર નાની ઘંટડીનો અવાજ સાંભળીને એણે કહ્યું, "કોઈ પણ હોય, હું નાતાલ પતશે ત્યાં સુધી કામ નથી કરવાનો. એટલે જો તમે વેપાર માટે આવ્યા છો, તો માફ કરજો." એ જ સમયે એક બદામ એનું કવચ તોડીને ઉછળીને બહાર આવી. "ઓહ, એ તું છે, એન્જેલીનો! અંદર આવ અને ગરમાવો લે. શરમાતો નહીં. તારો ચહેરો કેટલો લાલ થઈ ગયો છે. બહુ ઠંડી છે." કઢાઈમાં બહાર નીકળતા શાહબલૂત જોર-જોરથી ફૂટવા લાગ્યા. " આ સારી રીતે પાકી ગયા છે, તું પણ થોડા લઈ લે. એ તને ગરમ કરશે." છોકરાએ બદામ છોલી અને ખાધી, જયારે વૃદ્ધ માણસ બોલતો રહ્યો. એ એકલો હતો અને કોઈનો પણ સાથ પામીને ખુશ હતો. એન્જેલીનો ગભરાવા લાગ્યો.એને ખબર પડતી ન હતી કે કેવી રીતે કહેવું જોઈએ. અંતે એણે સાહસ કર્યું, "શ્રીમાન ગેલો, મને ચામડાનો એક ટૂકડો જોઈએ છે. શું તમે મને વેચી શકો છો? હું થોડા-થોડા કરીને પૈસા તમને ચૂકવી દઈશ."

"ભલે," શ્રીમાન ગેલોએ કહ્યું. એણે છોકરાના બૂટ જોયા અને વિચાર્યું, "મને ખબર છે કે એ એના જુના બૂટ સરખા કરવા ચાહે છે, પણ હું એને ઉલ્લુ બનાવીશ." વૃદ્ધ માણસ એક ગાયન ગણગણતા કબાટ તરફ ચાલ્યો ગયો.



એ એક હાથમાં એક જોડી નવા બૂટ લઈને પાછો ફર્યો. "અહીં બેસી જ. આ પહેરી જો. તું એ જુના બૂટને સરખા નહીં કરી શકે, એન્જેલીનો. એ લગભગ ખલાસ થઈ ગયા છે."

એન્જેલીનો ગભરાઈ ગયો. "શ્રીમાન ગેલો," એણે કહ્યું, "આ બહુ સરસ છે, પણ આ બૂટ હું લઈ શકું નહીં. મને ફક્ત ચામડાનો એક ટૂકડો જોઈએ છે." વૃદ્ધ માણસે ગર્વથી કહ્યું, "હું એક જોડા બનાવવાવાળો છું." એણે એના ભવા નીચે કર્યા. "અને મને ખબર છે કે તારા બૂટ હવે સંધાય એવા નથી." એ ફરી બોલ્યા. એન્જેલીનોએ વિનયથી હસ્તક્ષેપ કર્યો. "હું ક્ષમા માંગુ છું, તમે મને સમજી રહ્યા નથી. હું ચામડાના ટૂકડામાંથી કંઈક બીજું બનાવવા ચાહું છું, કંઈક બહુ ખાસ."

બૂટ બનાવવાવાળાની આંખો ચમકવા લાગી. "ઓહ, હું જોઈ રહ્યો છું," એણે કહ્યું. એની જિજ્ઞાસા વધી ગઈ. "કદાચ તારા કૂતરા માટે એક પટ્ટો?"

"નહીં, શ્રીમાન ગેલો. મારી પાસે કૂતરો હોત તો પણ એ કોલર પહેરતો ન હોત."

"એક નવો બેલ્ટ? અથવા તારી ચોપડીઓ લઈ જવા એક દફ્તર?"

"નહીં, શ્રીમાન ગેલો, એમાંથી કંઈ પણ નહીં," એન્જેલીનોએ કહ્યું.

"તું કોઈ માટે નાતાલની ભેટ બનાવવાનો છે? એમ જ ને?"

"હા, શ્રીમાન ગેલો."

"ઠીક છે, હું સમજી ગયો," મોચી એ કહ્યું. "મારી પાછળ આવ." એ એન્જેલીનોને વિભિન્ન રંગના ચામડાના મોટા અને નાના ટૂકડાથી ભરેલી છાજલી તરફ લઈ ગયા. "તું એમાંથી કોઈ પણ લઈ શકે છે, એન્જેલીનો." એ ફરી એની ધૂન ગણગણવા લાગ્યા.

એન્જેલીનોએ નરમ, ચમકતા લાલ ચામડાનો એક ટૂકડો ઉઠાવ્યો. "આ બરાબર છે," એણે વિચાર્યું. એણે એ મોચીને બતાવવા માટે ઉઠાવ્યો. "આ કેટલાનો છે?"

વૃદ્ધ માણસે ગાવાનું બંધ કર્યું. એણે ચામડાના ટૂકડાને ધ્યાનથી જોયો, એના ખભા ઉલાળ્યા અને કહ્યું, "એક લાખ ડોલર ઉચિત કિંમત થશે?"

એન્જેલીનોને ખબર ન હતી કે એણે એવું કેમ કર્યું, પણ એ એટલા જોરથી હસવા લાગ્યો કે એણે મુશ્કેલીથી પોતાને રોક્યો. જયારે એણે હસવાનું બંધ કર્યું તો એણે કહ્યું, "ઠીક છે, શ્રીમાન ગેલો, હું થોડા-થોડા કરીને તમને એક લાખ ડોલર આપી દઈશ."

હવે હસવાનો વારો મોચીનો હતો. એની વૃદ્ધ આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા. એન્જેલીનોના જવા પહેલા, એણે એના ખિસ્સામાં ગરમ શાહબલૂત ભરી દીધા. એ એની દુકાનના દરવાજા પર ઉભો રહીને એને જોઈ રહ્યો હતો. એન્જેલીનો ઝડપથી ચોક પસાર કરી રહ્યો હતો. જયારે એણે છોકરાને ચર્ચના બગીચામાં જતો જોયો તો એની જિજ્ઞાસા વધી ગઈ.

"મને અચરજ થાય છે કે એ શું કરી રહ્યો છે," એણે વિચાર્યું. એણે એનો ઓવરકોટ પહેર્યો અને જલ્દીથી એન્જેલીનોનો પીછો કરવા લાગ્યો.એ સાવધાનીથી રસ્તા પર ચાલતો રહ્યો, જ્યાં સુધી એણે એન્જેલીનોને સંતની મૂર્તિ પાસે ઉભેલો ન જોયો. એ એક સદાબહાર ઝાડીની પાછળ છુપાઈને જોવા લાગ્યો કે છોકરો શું કરે છે. પણ ઠંડીને લીધે એની આંખોમાં પાણી ભરાઈ ગયા અને એ લગભગ આંધળો થઈ ગયો. એની જિજ્ઞાસા વધતી ગઈ.

એન્જેલીનો સંતના પગનું માપ લઈ રહ્યો હતો. "એ ફક્ત મારા હાથના આકારના છે," એ ગણગણ્યો. "કદાચ થોડા મોટા કે નાના, મારે જ નિર્ણય લેવો પડશે." એણે ફરી માપ લીધું. જયારે એને સંતોષ થયો તો એણે સંતને જોરથી કહ્યું, "હું નાતાલની પૂર્વ સંધ્યાએ પાછો આવીશ."

મોચી ઝાડીની પાછળ રહ્યો જેથી એન્જેલીનો એને જોઈ ન જાય. પણ એના કાન ઘણા તેજ હતા અને એણે એન્જેલીનોની વાતો સાંભળી લીધી. એ છોકરાના અજબ વર્તન વિષે બહુ વધારે આશ્ચર્યચકિત થયા. "મને નાતાલની પૂર્વ સંધ્યાએ ખબર પડી જશે. હું સખત નજર રાખીશ," એ મનમાં બોલ્યા.

એન્જેલીનો એના કામની વચ્ચે અને સાંજે બૂટ પર કામ કરતો હતો. નાતાલની પૂર્વ સંધ્યા સુધી બે દિવસ હતા, પણ એણે સંતને વાયદો કર્યો હતો, અને એ વાયદો પૂરો કરવાનો હતો. એને એના કામમાં વિશ્વાસ હતો. એનાથી એ ખુશીથી ભરાઈ ગયો હતો. એણે ચામડાના ટૂકડાને બરાબર માપમાં કાપ્યો અને એ વાતનું ધ્યાન રાખ્યું કે એ ખરાબ ન થાય, અને ટૂકડાને એક સાથે સીવી લીધા. બહુ મહેનતથી એણે એક બૂટ તૈયાર કર્યો. એણે વિચાર્યું, "બીજો બનાવવાનું સહેલું થશે." અને એ સાચો હતો. જાણે જાદુથી, બીજો બૂટ જાણે એની મેળે બની ગયો હતો.

એન્જેલીનોએ બંને હાથમાં એક-એક બૂટ પકડયો અને ઘણી વાર સુધી એને જોતો રહ્યો. એને એ કંઈક અધૂરા લાગ્યા.



એના આકાર અને માપ બરાબર લાગી રહ્યા હતા, પણ કંઈક ખૂટતું હતું. ત્યાં અચાનક એને સમજાયું. "કાણા અને બૂટની દોરી!" એણે યોગ્ય જગ્યાએ કાણા કર્યા, ચામડાની થોડી લાંબી પાતળી પટ્ટીઓ કાપી, અને એને બાંધી દીધી, અને હવે બૂટ હકીકતમાં તૈયાર હતા. એણે એ ચમક્યા ત્યાં સુધી રગડયા. એ થોડા સમય માટે ત્યાં જ બેઠો રહ્યો અને પોતાની હસ્તકળાની પ્રશંસા કરતો રહ્યો. પછી એણે એને એક કાગળની બેગમાં રાખ્યા. એણે એનું એક નાનું પાર્સલ બનાવ્યું જે એના ખિસ્સામાં સમાઈ શકે.

હવે એન્જેલીનો સંત ફ્રાન્સિસ પાસે પોતાનો ઉપહાર લઈ જવા એટલો ઉત્સુક હતો કે સમય બહુ ધીરે-ધીરે જતો હોય એવું લાગ્યું. આખરે નાતાલની પૂર્વ સંધ્યા આવી, અને અડધી રાતે પ્રાર્થના સભામાં જવાનો સમય થયો. અડધી રાતના એક કલાક પહેલા પરિવારના બધા લોકો ભેગા થઈને બેલગાડીમાં સવાર થઈ ગયા. ગામની શાંતિ ફક્ત જામેલા બરફ પર ગાડીઓના પૈડાંના અવાજ અને પરિવારના અવાજોથી ભંગ થતી હતી. આકાશમાં એક શાનદાર તારા ફરતે સોનેરી આભા દેખાઈ રહી હતી.


એન્જેલીનો એના ખિસ્સામાં નાના-નાના બૂટની અનુભૂતિ કરી રહ્યો હતો, અને એનું હૃદય જોર-જોરથી ધડકી રહ્યું હતું. એ બહુ બેચેન થઈ ગયો હતો અને એના મગજમાં ઘણા સવાલો ઉઠી રહ્યા હતા. એ સંતના પગમાં બૂટ કેવી રીતે પહેરાવશે? શું એ બરાબર માપના થશે? અને એ ચર્ચના બગીચામાં જવા માટે શું કારણ આપશે? પણ જેવા એ ગામમાં પહોંચ્યા, એનો વિશ્વાસ પાછો આવી ગયો.

બેલગાડી ચાર રસ્તા પર થઈને ચર્ચની બાજુમાં ઉભી રહી. ઊંચા મિનારામાં નાતાલની પૂજાના ઘંટ વાગવા લાગ્યા.

એના અને ટીનોએ કહ્યું, "મોડું થઈ ગયું!"

એન્જેલીનોને છોડીને બધા જલ્દી પથ્થરના પગથિયાં પર ચઢી ગયા અને ચર્ચમાં જતા રહ્યા. એણે એના બૂટની દોરી બાંધવાનું બહાનું બનાવ્યું હતું, અને જયારે એણે ઉપર જોયું તો કોઈ આસપાસ ન હતું. એ બગીચાના દરવાજા તરફ એના પ્રિય સંતના પરિચિત રસ્તા પર દોડવા લાગ્યો.


બગીચાની સામેની ઊંચી રંગીન કાંચની બારીઓમાંથી આવતી રોશનીને લીધે અંદર જવાનો રસ્તો શોધવાનું સરળ હતું.



મોચી એન્જેલીનોની રાહ જોવા માટે અડધી રાતથી એક કલાક પહેલા જ બગીચામાં આવી ગયો હતો. જેવો એણે જમીન પર બૂટનાં તળિયાનો ઘસાવાનો અવાજ સાંભળ્યો, એને ખબર પડી ગઈ કે એન્જેલીનો આવી ગયો છે, અને એ જલ્દીથી એ જ ઝાડીની પાછળ સંતાઈ ગયો જ્યાં એ થોડા દિવસ પહેલા સંતાઈ ગયો હતો. વૃદ્ધ માણસે ઘેટાના ચામડાનો કોટ અને ઉની ટોપી પહેર્યા હતા. એના શ્વાસમાં થી નીકળતી વરાળ અંધારામાં નાના-નાના વાદળ બનાવી રહી હતી. જ્યાં એ ઉભો હતો, ત્યાંથી એ બધું જોઈ શકતો હતો જે એન્જેલીનો કરી રહ્યો હતો.

એન્જેલીનોને એની પહેલી સમસ્યાનો ઉકેલ શોધવામાં માટે બહુ ઓછો સમય લાગ્યો. બેસેલી લાકડાની મૂર્તિ વજનમાં હલ્કી હતી અને એના પગ એ આધાર પર બાંધેલા ન હતા જ્યાં એ આરામ કરી રહ્યા હતા. મૂર્તિને પાછળ ઝુકાવીને ઉભી કરવી પડી. અંધારામાં શોધતા, એન્જેલીનોને તૂટેલી છતની ટાઇલ નો એક ટૂકડો મળ્યો, જે એણે પગને આધારથી થોડા ઉપર ઉઠાવવા માટે આકૃતિની નીચે રાખ્યો. એન્જેલીનોએ થેલામાંથી લાલ બૂટ કાઢ્યા અને એને સંતના પગ પર રાખી દીધા. "અને આ એકદમ બંધબેસતા છે!" એણે કહ્યું. એણે ધ્યાન રાખીને ટાઇલના ટૂકડાને હટાવ્યો અને આકૃતિને ધીરેથી નીચે કરી. અંધારામાં બૂટ ચમકી રહ્યા હતા. એન્જેલીનોએ ઉપર જોયું, પણ રોશની એટલી ક્ષીણ હતી કે એ સંતનો ચહેરો જોઈ ન શક્યો. "હું કાલે પાછો આવીશ."

મોચી એનો શ્વાસ રોકીને જોઈ રહ્યો હતો જેથી એન્જેલીનોને ખબર ન પડે. એણે જે જોયું એનાથી એ એટલો પ્રભાવિત થયો કે એ મુશ્કેલીથી એના આંસુ રોકી શક્યો. "હે ભગવાન," બગીચામાંથી ચુપચાપ બહાર નીકળતા એણે વિચાર્યું, "એ છોકરાએ સૌથી સુંદર કામ કર્યું છે."



એન્જેલીનો પણ ચુપચાપ બગીચામાંથી નીકળી ગયો અને મોચીએ એને અંદર જતા જોયો. મને આશ્ચર્ય છે કે શ્રીમાન ગેલોને મોડું કેમ થયું?" એણે વિચાર્યું. "કદાચ એ અડધી રાતની રાહ જોતા એની ખુરશીમાંજ સૂઈ ગયા હશે."

ચર્ચ બધી ઉંમરના લોકોથી ખચાખચ ભરેલું હતું. એન્જેલીનોએ એની આંગળીઓ પવિત્ર જળ સ્તંભમાં ડૂબાવી, થોડી વાર ઘૂંટણ ટેક્યા, પછી બેસવાની જગ્યા શોધવા બેઠકની વચ્ચેના રસ્તામાં ઉભો રહ્યો. અચાનક એક હાથે એના કોટની બાંય ખેંચી. એ ફર્યો અને એણે ગિનોને જોયો. "અહીં આવી જા," એના મિત્રે કહ્યું.

એન્જેલીનો ગિનો અને એક વૃદ્ધ સ્ત્રીની વચ્ચે બેઠો, જેણે કાળા કપડાં પહેર્યા હતા અને માથે ભારે શાલ ઓઢી હતી. એણે એન્જેલીનોને ઘુવડની જેમ ખુલી આંખોથી જોયો. "ઘણી જગ્યા છે," એ ગણગણ્યા, "ચિંતા નહીં કર."

ચર્ચ સદાબહારથી સજાવેલું હતું, અને સફેદ આરસની વેદી પર વાદળી તારાઓથી ઘેરાયેલા ગુમ્બજમાંથી એક વિશાળ તારો લટકતો હતો. ઘણી સળગાવેલી મીણબત્તીઓ એક સુંદર હલતી રોશની ફેલાવી રહી હતી, અને હવા, પાણી અને મીણની સુગંધથી ભરાઈ ગઈ હતી.

પ્રાર્થના કરી રહેલા પૂજારીનો સુરીલો અવાજ ઇમારતના દરેક ખૂણામાં ગુંજતો હતો.

ગિનો ગણગણ્યો, "જરા વિચાર કર, કાલે નાતાલ છે!"

"હા, કાલે," એન્જેલીનોએ કહ્યું.

"તું જાણે છે શું?" ગિનોએ પૂછ્યું.

"શું?" એન્જેલીનો એ કહ્યું.

"આખરે મારા પિતા મને સ્કુટી ખરીદીને મને આપશે!"

"નાતાલ માટે?" એન્જેલીનો એટલો આશ્ચર્યચકિત હતો કે એ જોરથી બોલ્યો.

"ના, જયારે હું અઢાર વર્ષનો થઈ જઈશ. એમણે વાયદો કર્યો છે," ગિનોએ કહ્યું. "તો બીજા આઠ વર્ષોમાં તું મને સ્કુટી પર સવારી કરતા જોઇશ."

એન્જેલીનો ગણગણ્યો, "આઠ વરસ એક ઘણો લાંબો સમય છે, ગિનો."

વૃદ્ધ મહિલાએ સાંભળ્યું. "એ એટલો લાંબો સમય નથી જેવું તમે વિચારો છો, બેટા," અને એણે હોંઠ પર આંગળી રાખીને છોકરાઓને વધારે વાત ન કરવાની ચેતવણી આપી.

થોડા સમયમાં વાદ્યયંત્રોથી ચર્ચ ગુંજી ઉઠયો. પ્રભુનો આભાર માનીને મંડળી ઉઠી અને એક સરઘસ નીકળ્યું. એ ફરીને ગમાણમાં રાખેલા બાળક ઈસુની મૂર્તિ પાસે આવ્યા અને એક-એક કરીને બધાએ એના નાના-નાના પગ ચુમ્યા. પછી અડધી રાતની પ્રાર્થના સભા, ચર્ચના મિનારા પરથી વાગતા ઘંટનાદ સાથે સમાપ્ત થઈ.


લોકોએ ચર્ચના પગથિયાં પર ઉભા રહીને એક-બીજાને નાતાલના વધામણાં આપ્યા અને બેલગાડીઓ, નાના ટ્રક અને ગધેડાગાડીઓમાં ચઢીને અંધારામાં પોતાના ઘર તરફ જવા નીકળ્યા. બાળકો અહીં-તહીં ફરી રહ્યા હતા, એક-બીજા સાથે એ ઉપહાર વિષે વાતો કરી રહ્યા હતા જે એને સવારે મળવાની સંભાવના હતી. એમાંથી મોટા ભાગના આવનારા નાતાલના દિવસને લઈને એટલા ઉત્સાહિત હતા કે એ ઘરે જઈને સૂવા ચાહતા ન હતા. ચર્ચની દીવાલો પર હર્ષોલ્લાસ ભરેલા અવાજો ગુંજી રહ્યા હતા.

એન્જેલીનો અને ગિનો સાથે હતા. ગિનો બહુ શાંત હતો. સાઇકલ પર ઘરે જતા પહેલા એણે એના મિત્ર સાથે હાથ મિલાવ્યા. "નાતાલ અને નવું વરસ તારે માટે શુભ હોય," એણે એન્જેલીનોને કહ્યું. એન્જેલીનોએ જવાબ આપ્યો, "તારે માટે પણ, ગિનો."

એ એના મિત્રને સાઇકલ પર ચાર રસ્તા પરથી જતો ત્યાં સુધી જોતો રહ્યો જ્યાં સુધી એ અંધારામાં ગાયબ ન થઈ ગયો. પછી એણે એના આસ-પાસના લોકોને જોયા. એ એના પિતા અને માઁ ને એના મિત્રોથી છુટા પડવાની રાહ જોવા લાગ્યો.

સૌથી વધારે એ મોચીને જોઈ રહ્યો હતો, જે બહુ ઉત્સાહિત લાગી રહ્યો હતો. એ એક સમૂહમાંથી બીજા સમૂહમાં જઈને વાતો કરી રહ્યો હતો અને ઈશારા કરી રહ્યો હતો. એન્જેલીનો, શ્રીમાન ગેલોને નાનપણથી જાણતો હતો, પણ એણે એને પહેલા ક્યારેય આટલા પ્રફુલ્લિત અને ઉત્સાહિત જોયા ન હતા. "કદાચ વૃદ્ધ માણસે નાતાલ વહેલી મનાવવાની શરૂ કરી દીધી છે," એણે વિચાર્યું. થોડા સમયમાં એની માઁ એ એને બોલાવ્યો અને એ બધા ઘરે જવા લાગ્યા.





એન્જેલીનો એ જાણતો ન હતો, પણ રાત પૂરી થાય એ પહેલા ગામના લગભગ બધા લોકોને સંત અને એના નાના લાલ બૂટ વિષે ખબર પડી ગઈ હતી.

એન્જેલીનો એ સુઃખદ ભાવના સાથે જાગ્યો કે કંઈક અદ્ભૂત થયું છે. એનો પહેલો વિચાર સંત વિષે હતો. "ઓછામાં ઓછું એના પગ તો ગરમ રહેશે." બારીઓમાં બરફ હતો, પણ એક મોતી જેવું સ્વચ્છ આકાશ સૂર્યના પ્રકાશનો વાયદો કરી રહ્યું હતું. એ એની પથારીમાં આરામથી લાંબો થઈ ગયો. મરઘાએ જોરથી એક લાંબી બાંગ પોકારી. એન્જેલીનોએ કહ્યું, "અને તમને નાતાલના વધામણાં."

થોડી વારમાં એને પાંખોનો ફફડાટ સંભળાયો. "ચકલી એના ડબ્બાની બહાર નીકળવાની કોશિશ કરી રહી છે," એણે વિચાર્યું અને બેઠો થયો. એને આશ્ચર્ય થયું જયારે એ અચાનક રૂમમાં ચારે બાજુ ઉડવા લાગી. અંતે એ બારીની શાખમાં સુરક્ષિત રીતે બેસી ગઈ. એન્જેલીનો ચુપચાપ બેઠો રહ્યો. એણે જોયું અને સાંભળ્યું. ચકલીએ એક નાનું ગીત ગાવાનું શરુ કર્યું, અને એના અવાજે એન્જેલીનોને ખુશ કરી દીધો.


એ ચુપચાપ પથારીમાંથી બહાર નીકળ્યો અને બારી તરફ આગળ વધ્યો. ચકલી હલી નહીં. માથું હલાવીને એણે બારી તરફ જોયું. એણે જોરથી અવાજ કર્યો અને પાંખ ફફડાવી. "મને ખબર છે તું બહાર જવા ચાહે છે," એન્જેલીનોએ કહ્યું. એણે એને તપાસવા ધીરેથી એને ઉપાડી. "તું એક-બે દિવસમાં ઉડવા માટે તૈયાર થઈ જઈશ," એણે કહ્યું. એણે એને પાછી ડબ્બામાં મૂકી, પણ એનો કોઈ ફાયદો ન થયો. ચકલી ફરી બહાર ઉડી ગઈ! જયારે એન્જેલીનો કપડાં પહેરી રહ્યો હતો તો એ આવીને બારીના ખૂણામાં બેસી ગઈ. એન્જેલીનોએ એને ત્યાં જ છોડી દીધી.

ભોજન પકાવવાની સુગંધ એના રૂમમાં ફેલાઈ ગઈ અને એનો દરવાજો બંધ કરતા, એન્જેલીનો પગથિયાંથી નીચે ચાલ્યો ગયો. એના જુના બૂટ પગથિયાં પર પડેલા હતા. એને આશ્ચર્ય થયું કે આજે આખો પરિવાર આટલી જલ્દી ઉઠી ગયો છે.

એણે કહ્યું, "બધાને નાતાલના વધામણાં!"

બધાએ ખુશીથી સાથે નાસ્તો કર્યો,પણ પછી એન્જેલીનોએ એની ભેટ ખોલવાની રાહ ન જોઈ. એ ધીરેથી પાછળના દરવાજેથી બહાર નીકળી ગયો. અડધી રાત અને સવાર વચ્ચે બહુ બરફ પડી ગયો હતો, અને એન્જેલીનોના પગના નિશાન ગામ તરફ જતી સડક પર પડવાવાળા પહેલા નિશાન હતા.

જ્યાં સુધીમાં એ ગામ પહોંચ્યો, એના બૂટ ભીના થઈ ગયા હતા અને એના પગ અડધા જામી ગયા હતા. બીજા થોડા લોકો જ હતા, જે કોઈ કારણથી આટલી જલ્દી બહાર નીકળ્યા હતા, અને એ સડક પર ઉતાવળે ચાલી રહ્યા હતા. એન્જેલીનો ચર્ચ પાસેથી પસાર થયો જ્યાં પાદરી એના કાળા અંગરખાં અને ટોપીમાં ચર્ચના પગથિયાં પરથી બરફ સાફ કરી રહ્યા હતા. થોડી ક્ષણોમાં એ ચર્ચના બગીચામાં હતો. આજે એ પક્ષીઓથી ભરાયેલો હતો જે નાના નાતાલના પ્રાર્થનાગીત ગાઈ રહ્યા હતા. સૂર્યપ્રકાશથી બધે રોશની થઈ ગઈ હતી અને ઘંટનો ટાવર એક વિશાળ સ્તંભ જેવો દેખાઈ રહ્યો હતો જે જાણે પૃથ્વીથી બહાર નીકળી રહ્યો હતો.





એન્જેલીનો સંતના નાના ઘરને રસ્તે ચાલવા લાગ્યો. ઉત્સુકતાથી એ જોવા લાગ્યો કે સંતના પગ ગરમ છે કે નહીં. ત્યાં, એના લાલ બૂટની બગલમાં, એને એક કાળજીપૂર્વક વીંટાળેલો અને રિબનથી બાંધેલો ડબ્બો દેખાયો. એન્જેલીનોએ બારીકીથી જોયું. એના ઉપર એક લડખડાતા હાથે લખેલો સંદેશો હતો. એના ઉપર લખ્યું હતું, "એન્જેલીનોને નાતાલની શુભકામનાઓ." "આ અજબ છે," એણે વિચાર્યું. "કોણે રાખ્યું છે એ તો એની ઉપર લખેલું જ નથી."

ઉતાવળે કંપતી આંગળીઓથી એન્જેલીનોએ ડબ્બો ખોલ્યો અને અંદર જોયું. ત્યાં ભૂરા ચામડામાંથી બનેલા બૂટની જોડી હતી!

"આ શું?"

જાણે સંતના મોઢા ઉપર કોઈ જવાબ શોધતો હોય, એમ એણે ઉપર જોયું, અને એણે એવું કંઈક જોયું જેનાથી એનું હૃદય ખુશીથી ઉછળી પડયું.

"એ સ્મિત કરી રહ્યા છે! સંત ફ્રાન્સિસ ફરી સ્મિત કરી રહ્યા છે!" એન્જેલીનોએ ચારે બાજુ જોયું, એ કોઈને આ વાત કહેવા ચાહતો હતો. પણ બગીચામાં બીજું કોઈ ન હતું.

જયારે એનો ઉત્સાહ થોડો નરમ પડયો, તો એન્જેલીનો રસ્તામાં બેસી ગયો, એણે એના જુના પગરખાં કાઢ્યા અને નવા બૂટ પહેર્યા.એ સાવ એના માપના હતા. એ સંતની આસ-પાસ ચાલતો રહ્યો અને હસવા લાગ્યો.

એણે કહ્યું, "આ કંસારીના ગાયન જેવો અવાજ કરી રહ્યા છે."

જેમ-જેમ એ નવા બૂટની અજમાયશ કરી રહ્યો હતો, એણે જોયું કે બધું કેટલું શુદ્ધ, સાફ અને ચમકીલું લાગી રહ્યું હતું. અચાનક સંતના આશ્રયની પાસે પથ્થરની દીવાલ પરથી એક ચકલી જોરથી ચીં-ચીં કરવા લાગી. એન્જેલીનો ફર્યો, એક પળ માટે એવું વિચારીને ચોંકી ગયો કે એ એના ઘરના રૂમની ચકલી છે. એની નજર દીવાલમાં લાગેલી આરસની પટ્ટી પર પડી. એણે ઘણી વાર એની ઉપર કોતરેલા શબ્દો જોયા હતા, પણ આજે પહેલી વાર એને ધ્યાનથી અને ધીરે-ધીરે વાંચ્યા.

હે પ્રભુ, તમારી સદા પ્રશંસા થાય.

તમારા બધા પ્રાણીઓ સાથે, સૌથી ઉપર, ભાઈ સૂર્યના માધ્યમથી તમારી પ્રશંસા થાય જે રોશની આપે છે અને એનાથી અમે રોશન થઈએ છીએ.

એ મહાન ભવ્યતા સાથે સુંદર અને ઉજ્જવળ છે, અને એનામાં તમારી સાથે સૌથી વધારે સમાનતા છે.

હે મારા પ્રભુ, બહેન ચંદ્રમા અને તારાઓના માધ્યમથી તમારી પ્રશંસા થાય.

સ્વર્ગમાં તમે એને સ્પષ્ટ,બહુમૂલ્ય અને સુંદર બનાવ્યા છે.

હે મારા પ્રભુ, હવા અને વાદળ, અને વિભિન્ન સુંદર હવામાનના માધ્યમ તમારી પ્રશંસા થાય, જેના દ્વારા તમે જીવોને પ્રાણ ઉર્જા પ્રદાન કરો છો.

હે મારા પ્રભુ, બહેન જળ ના માધ્યમથી તમારી પ્રશંસા થાય, જે અમારી બહુ સેવા કરે છે, અને શાંત, બહુમૂલ્ય અને સ્વચ્છ છે.

હે મારા પ્રભુ, ભાઈ અગ્નિના માધ્યમથી તમારી પ્રશંસા થાય, જેના દ્વારા તમે રાતમાં રોશની કરી છે.

અને એ સુંદર, આનંદમય, અને બળવાન છે.

તમારી સ્તુતિ થાય, હે મારા પ્રભુ, અમારી ધરતી માતા ના માધ્યમથી તમારી પ્રશંસા થાય, જે અમને બનાવે અને રાખે છે, અને રંગીન ફૂલો અને જડી-બુટીઓ સાથે વિભિન્ન ફળોથી અમારું પોષણ કરે છે.

સ્તુતિ કરો અને મારા પ્રભુ ની સ્તુતિ કરો, અને એનો આભાર માનો, અને બહુ વિનયથી એની ઉપાસના કરો.



એન્જેલીનોએ વાંચવાનું પૂરું કર્યું. સૂરજ અને ચંદ્રમા અને તારા અને હવા અને પાણી બધા ભગવાનની સ્તુતિ કરતા હોય એવી ભાવનાઓમાં ખોવાયેલો એ જવા માટે પાછો ફર્યો. એણે જે જોયું એના ઉપર એને વિશ્વાસ ન થયો. બગીચો લોકોથી ભરાઈ ગયો હતો. ત્યાં એના પિતા અને માઁ, એના અને ટીનો અને એના દાદા હતા. લાકડાનું નકશીકામ કરવાવાળા શ્રીમાન રફીનો, એના કૂતરા સાથે ત્યાં હતા. ત્યાં ભઠિયારો શ્રીમાન બીયાંકો, એના દીકરા ગિનો સાથે હતો. શ્રીમાન બૂટી પણ આવી ગયા હતા, અને એની બાજુમાં મોચી શ્રીમાન ગેલો પણ ઉભો હતો. લોકો બગીચામાં એવી રીતે ફરી રહ્યા હતા જાણે ઉનાળો હોય. થોડા લોકો ફુવારા પાસે ઉભા હતા. ધીરે-ધીરે એ બધા સંત ફ્રાન્સિસની પ્રતિમા પાસે ભેગા થઈ ગયા.

એન્જેલીનોને કંઈ સમજાતું ન હતું. એને આ બધું એક સપના જેવું લાગી રહ્યું હતું. પણ આ એક સપનું હોઈ ન શકે, કારણકે એ એના અવાજ સાંભળી શકતો હતો અને સમજી શકતો હતો કે એ શું કહી રહ્યા હતા. દેખીતી રીતે બધા સંતના લાલ બૂટ જોવા આવ્યા હતા. ભીડમાંથી વારે-વારે ઓહ અને આહ એવા અવાજો આવી રહ્યા હતા. એક માણસે કહ્યું, "આ એક ચમત્કાર છે." "એમાં કોઈ સંદેહ નથી."

બીજા એકે કહ્યું, "હું એ નથી જણાવી શકતો કે બૂટ ત્યાં આવ્યા કેવી રીતે." કોઈ એ કહ્યું, "કહેવાય છે કે એ રાત્રે બન્યું." "હું વર્ષોથી આ બગીચામાં આવ્યો નથી પણ મને ખુશી છે કે હું આવ્યો," એક વયોવૃદ્ધ માણસે કહ્યું, જાણે એ બીજા બધા માટે બોલી રહ્યો હોય. એક બહુ વૃદ્ધ મહિલા એની ચાલવાની લાકડી પર ઝૂકીને સંત ફ્રાંસીસને જોઈ રહી હતી. એણે કહ્યું, "એક ચમત્કાર થોડા સમયમાં કે પછી થવાનું નિશ્ચિત હતું. એંસી વર્ષમાં એક પણ થયો નથી. હું ત્યારે એક નાની છોકરી હતી, પણ મને યાદ છે. આ એ સમય હતો જયારે ચર્ચનો ઘંટ અલગ સ્વરમાં વાગ્યો હતો.

એ બોલવા લાગ્યો હતો. દરેક વખતે જયારે પૂજારી રસ્સો ખેંચતો, તો એ બોલતો, 'ચર્ચમાં આવો, ચર્ચમાં આવો, ચર્ચમાં આવો.'" એક બુઢ્ઢા માણસે કહ્યું,"આટલા વર્ષોમાં મેં ક્યારેય સંતને આવી રીતે સ્મિત કરતા જોયા નથી." બાળકો સંતની ચારે બાજુ ભેગા થઈ ગયા, એ એના લાલ બૂટ અડવા માટે ઉત્સુક હતા, અને મોટા સમૂહમાં ઉભા હતા અને એક-બીજા સાથે વાતો કરી રહ્યા હતા. ઠંડી હોવા છતાં બગીચો ગરમ અને ખુશહાલ લાગી રહ્યો હતો, અને ખુશી અને ઉત્સાહથી ભરેલા લોકો ધીરે-ધીરે નાતાલના ભોજન માટે ઘરે જવા લાગ્યા. એ સ્મિત કરતા અને જોર-જોરથી વાતો કરતા જઈ રહ્યા હતા. વાતાવરણ ઉલ્લાસમય હતું.

એન્જેલીનોના પિતા અને માઁ એ બેકર અને એના દીકરાને રાતના ભોજન માટે આમંત્રણ આપ્યું અને બપોર ખેતરમાં વિતાવવા માટે કહ્યું, જેનો શ્રીમાન બીયાંકોએ ખુશીથી સ્વીકાર કર્યો. જયારે એના વડીલ ઘર તરફ જઈ રહ્યા હતા તો ગિનોએ એન્જેલીનોને એક મિનિટ માટે પાછળ રહેવા કહ્યું. બંને છોકરા સંતની મૂર્તિ પાસે ઉભા હતા. ગિનોએ ગંભીરતાથી કહ્યું, "એન્જેલીનો, તું સાચો હતો. એ પેલા દિવસે ઉદાસ લાગી રહ્યા હતા, અને આજે એ હકીકતમાં સ્મિત કરી રહ્યા છે. એને ખુશ કરવા માટે કંઈક બન્યું હશે. શું તને કોઈ અંદાજ છે કે એ શું હશે?"

એ પહેલા કે એન્જેલીનો જવાબ આપે, શ્રીમાન ગેલો બગીચામાં ટહેલતા આવી ગયા. "નાતાલની શુભકામનાઓ, ગિનો," એણે વિનયથી કહ્યું. પછી એણે એન્જેલીનોના ચમકતા ચહેરાને, અને પછી સંત ફ્રાંસીસના સ્મિત કરતા ચહેરાને જોયો. "હું જોઈ શકું છું કે તને ખુશી માટે મારી શુભકામનાઓની જરૂર નથી, એન્જેલીનો. એવું લાગે છે કે તને અને સંતને ખુશ થવાનું રહસ્ય મળી ગયું છે."

એન્જેલીનો હસ્યો. એણે એના નવા ભૂરા બૂટ પર અને સંતના પગમાં રહેલા લાલ બૂટ પર નજર નાખી. "ઓહ, પણ અમને શુભકામનાઓ મળી, શ્રીમાન ગેલો, અને એ ફળી પણ ખરી."

